

મહામહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી મહારાજ વિરચિત

# ક્લેશહાનોપાય-બત્રીશી

## એક-પરિશીલન

૨૫

સંકલન

પૂ.આ.ભ.શ્રી.વિ. ચન્દ્રગુપ્ત સૂ.મ.

: પ્રકાશક :

શ્રી અનેકાન્ત પ્રકાશન જૈન રીલિજીયસ ટ્રસ્ટ

મહામહોપાધ્યાય શ્રીમદ્યશોવિજયજી મહારાજા-
વિરચિત 'द्वात्रिंशद्-द्वात्रिंशिका' પ્રકરણાન્તર્ગત

# ક્લેશહાનોપાય બત્રીશી-એક પરિશીલન

## ૨૫

: પરિશીલન :


પૂ. પરમશાસનપ્રભાવક પૂજ્યપાદ સ્વ.આ.ભ.શ્રી.વિ. રામચન્દ્રસૂ. મ.સા. ના
પટ્ટાલંકાર પૂ. સ્વ. આ. ભ. શ્રી.વિ. મુક્તિચન્દ્રસૂ. મ. સા. ના શિષ્યરત્ન
પૂ. સ્વ. આ. ભ. શ્રી. વિ. અમરગુપ્તસૂ. મ. સા. ના શિષ્યરત્ન
પૂ. આ. ભ. શ્રી. વિ. ચન્દ્રગુપ્તસૂ. મ.



: પ્રકાશન :

**શ્રી અનેકાન્ત પ્રકાશન જૈન રીલીજીયસ ટ્રસ્ટ**

: આર્થિક સહકાર :

**એક સત્પરિવાર**

**ન્યૂટિંબર માર્કેટ - પૂણે**

# કલેશહાનોપાય બત્રીશી-એક પરિશીલન - ૨૫

આવૃત્તિ - પ્રથમ : પ્રકાશન : વિ. સં. ૨૦૬૧

નકલ - ૧૦૦૦ શ્રી અનેકાન્ત પ્રકાશન- જૈન રીલીજીયસ ટ્રસ્ટ

: પ્રાપ્તિસ્થાન :

**શા. સૂર્યકાન્ત ચતુરલાલ**
મુ. પો. મુરબાડ (જિ. ઠાણે)

**પ્રમોદભાઈ છોટાલાલ શાહ**
૧૦૨, વોરા આશિષ,
પં. સોલીસીટર રોડ, મલાડ (ઈસ્ટ),
મુંબઈ-૪૦૦ ૦૯૭.

**મુકુંદભાઈ આર. શાહ**
૫, નવરત્ન ફ્લેટ્સ્
નવા વિકાસગૃહ માર્ગ
પાલડી- અમદાવાદ-૭

**વિજયકર કાંતિલાલ ઝવેરી**
પ્રેમવર્ધક ફ્લેટ્સ્
નવા વિકાસગૃહ માર્ગ-પાલડી
અમદાવાદ- ૩૮૦૦૦૭

**જતીનભાઈ હેમચંદ શાહ**
'કોમલ' છાપરીયાશેરી : મહીધરપુરા,
સુરત-૩૯૫૦૦૩.

: આર્થિક સહકાર :

**એક સત્પરિવાર**
ન્યૂટિંબર માર્કેટ - પૂણે

: મુદ્રણ વ્યવસ્થા :

**સન ગ્રાફિકસ (સમીવાળા)**
૫૭/૬૧, ગુલાલવાડી, બીજે માળે,
મુંબઈ-૪૦૦ ૦૦૪. ફોન : ૨૩૪૬ ૮૬૪૧

## પરિશીલનની પૂર્વે...

અનંતોપકારી શ્રી અરિહંતપરમાત્માએ આ અનંતદુઃખમય સંસારના ઉચ્છેદ માટે જે ઉપાયો છે, તેનું નિરૂપણ કરવા પૂર્વે આ સંસારના મૂળ તરીકે ક્લેશોને વર્ણવ્યા છે. એ મુજબ મોક્ષપ્રરૂપક તે તે જૈનેતર દર્શનોએ પણ સંસારના મૂળ તરીકે ક્લેશોનું વર્ણન કર્યું છે. પરંતુ તે તે દર્શનો તેના વાસ્તવિક સ્વરૂપને વર્ણવી શક્યાં નથી–એ આ બત્રીશીના પરિશીલનથી સમજી શકાય છે.

આ પૂર્વેની ચોવીસમી બત્રીશીમાં સ્થિરાદિ ચાર દૃષ્ટિઓનું વર્ણન કર્યા પછી એની મોક્ષપ્રાપકતા ક્લેશહાનિના ઉપાય સ્વરૂપે જ છે–એ વાત જણાવવા સાથે આ બત્રીશીનો પ્રારંભ છે. પ્રથમ શ્લોકમાં ક્લેશહાનિના ઉપાય તરીકે જ્ઞાન અને સદનુષ્ઠાનને વર્ણવ્યું છે. આ વિષયમાં અન્યદર્શનોની જે માન્યતા છે, તે જણાવવા પૂર્વક તેના નિરાકરણના નિરૂપણનો પ્રારંભ બીજા શ્લોકથી કર્યો છે. અગિયારમા શ્લોક સુધીના શ્લોકોથી બૌદ્ધોની માન્યતાનું નિરાકરણ કરાયું છે.

બૌદ્ધોની માન્યતાનુસાર આત્મદર્શન ક્લેશસ્વરૂપ છે. આત્મદર્શનના કારણે 'હું અને મારું' આ અધ્યવસાય પ્રવર્ત્તે છે, જે મમત્વબંધન સંસારનું કારણ છે. એનો ઉચ્છેદ, સર્વત્ર નૈરાત્મ્યદર્શનથી થાય છે. આત્મદર્શનથી તૃષ્ણા પેદા થાય છે, જે જન્મનું કારણ છે. આત્મદર્શનના વિષય પ્રત્યે સ્નેહ ઉત્પન્ન થાય છે. આત્માના પ્રેમ વિના સુખનાં સાધનોમાં કોઈ દોડતું નથી. તેથી સર્વત્ર નૈરાત્મ્યદર્શનથી ક્લેશોની હાનિ થાય છે... ઈત્યાદિ બૌદ્ધોની માન્યતાનું નિરૂપણ કરીને છઠ્ઠા શ્લોકથી તેમાં દોષ જણાવાય છે.

આત્માનો સર્વથા અભાવ માનવાથી અથવા તો તેને એકાંતે ક્ષણિક માનવાથી નૈરાત્મ્યદર્શન સઙ્ગત થતું નથી. તેમ જ ક્ષણિક આત્માના જુદા જુદા સ્વભાવ માનવામાં આવે તોપણ નૈરાત્મ્યદર્શન સઙ્ગત થતું નથી.. ઈત્યાદિ સ્પષ્ટપણે જણાવીને છ શ્લોકોથી બૌદ્ધોની માન્યતાનું નિરાકરણ કરવામાં આવ્યું છે. આત્મદર્શનના કારણે સ્નેહ થતો નથી. પરંતુ કર્મના ઉદયથી સ્નેહ થાય છે... ઈત્યાદિ અહીં યાદ રાખવા જેવું છે.

બારમા શ્લોકથી સાઙ્ખ્યદર્શનની માન્યતાના નિરાકરણની શરૂઆત કરાઈ છે. અવિદ્યાદિ પાંચ ક્લેશોનો ઉચ્છેદ વિવેકખ્યાતિથી

થાય છે. સાત પ્રકારની પ્રાંતભૂપ્રજ્ઞા સ્વરૂપ તેની અવસ્થાઓનું વર્ણન સરસ છે. સઘળા ય ક્લેશોનું મૂળ અવિદ્યા છે. પ્રસુપ્તાદિ ચાર પ્રકારના દરેક ક્લેશો છે. પ્રસુપ્તાદિ અવસ્થાઓનું વર્ણન પણ વિસ્તારથી કરાયું છે. ત્રેવીસમા શ્લોક સુધી સાઙ્ખ્યોની માન્યતાને અનુસરી પાતઞ્જલોના મતનું નિરૂપણ કરાયું છે. ત્યાર બાદ ચોવીસથી છવ્વીસ સુધીના ત્રણ શ્લોકોથી પાતઞ્જલોની માન્યતામાં જે દોષો છે તેનું વર્ણન કર્યું છે. સર્વથા અપરિણામી કૂટસ્થ નિત્ય એવા પુરુષને માનવાથી તેમના મતમાં બદ્ધાદિ અવસ્થાઓ વાસ્તવિક નથી, પરંતુ ઔપચારિક છે... ઈત્યાદિનું વર્ણન, ધ્યાનથી અધ્યયન કરવા યોગ્ય છે. એનો વિચાર કરવાથી સમજી શકાશે કે આગ્રહપૂર્ણ મનની દશા આત્માને સાચી દિશાથી દૂર રાખે છે. બુદ્ધિને નિરર્થક બનાવવાનું કાર્ય, આગ્રહપૂર્ણ મનોદશાનું છે. સમર્થોને પણ ઉપહાસપાત્ર બનાવીને આગ્રહદશાએ માર્ગથી દૂર રાખ્યા છે.

સત્તાવીસમા શ્લોકમાં પ્રખરતાર્કિક નૈયાયિકાદિની માન્યતાનું વર્ણન છે. દુ:ખધ્વંસવિશેષસ્વરૂપ મોક્ષ હોવાથી તેમના મતે ચરમદુ:ખ ક્લેશ છે. ચરમત્વના સ્વરૂપનું વર્ણન શક્ય નથી-એ જણાવવા સાથે અઠ્ઠાવીસમા વગેરે ત્રણ શ્લોકોથી નૈયાયિકાદિ તાર્કિકોની વાતનું નિરાકરણ કર્યું છે. અંતે છેલ્લા ત્રણ શ્લોકોથી પોતાની (સ્વદર્શનની) માન્યતાનું નિરૂપણ છે. અશુભવિપાકવાળાં પાપકર્મો સ્વરૂપ ક્લેશોનો સર્વથા નાશ, જ્ઞાનક્રિયાના સમુદાય સ્વરૂપ યોગથી થાય છે. માત્ર નિરુપક્રમ કર્મોનો નાશ ભોગથી થાય છે. **नाभुक्तं क्षीयते कर्म...** ઈત્યાદિ વચન પણ નિરુપક્રમ કર્મોને લીધે છે.

આ રીતે માત્ર બે-ત્રણ શ્લોકથી સ્વમતને જણાવવા માટે બાકીના શ્લોકોથી પરમતનું નિરાકરણ જ મુખ્યપણે આ બત્રીશીમાં કરાયું છે. પરમતના નિરાકરણ વિના સ્વમતનું વ્યવસ્થાપન શક્ય નથી... ઈત્યાદિ વિચારવું જોઈએ.

અંતે આ બત્રીશીના અધ્યયનથી વાસ્તવિક ક્લેશહાનિના ઉપાયને જાણવાપૂર્વક આરાધી નિરુપમ એવા અનંત સ્થાનને પ્રાપ્ત કરવા પ્રયત્નશીલ બની રહીએ એ જ એક શુભાભિલાષા...

કલ્યાણ - સંસ્કારધામ આ.વિ. ચન્દ્રગુપ્તસૂરિ
વિ.સં. ૨૦૬૧, પો.સુ. ૭ : રવિવાર

## अथ प्रारभ्यते क्लेशहानोपायद्वात्रिंशिका ।

સ્થિરાદિ સદ્દષ્ટિઓના નિરૂપણ પછી હવે જ્ઞાન અને ક્રિયાને આશ્રયીને જ આ સદ્દષ્ટિઓ ક્લેશહાનિના ઉપાય સ્વરૂપ બને છે. અન્યથા જ્ઞાન ક્રિયાના અભાવે એ દષ્ટિઓથી ક્લેશની હાનિ થતી નથી, એ વિસ્તારથી જણાવાય છે-

**ज्ञानं च सदनुष्ठानं, सम्यक् सिद्धान्तवेदिनः ।**
**क्लेशानां कर्मरूपाणां, हानोपायं प्रचक्षते ॥२५-१॥**

''સમ્યગ્રીતે સિદ્ધાંતના જાણકારો જ્ઞાન અને સદનુષ્ઠાનને કર્મસ્વરૂપ ક્લેશોની હાનિના ઉપાય તરીકે જણાવે છે.''-આ પ્રમાણે પહેલા શ્લોકનો અર્થ છે. કહેવાનો આશય એ છે કે સદ્જ્ઞાન એટલે સૂક્ષ્મબોધ. એ સૂક્ષ્મબોધ સ્વરૂપ જ્ઞાન અને સદ્ અનુષ્ઠાનને, અવિપરીતપણે-યથાર્થપણે સિદ્ધાંતના જાણકારો કર્મસ્વરૂપ ક્લેશને દૂર કરવાના ઉપાય તરીકે અર્થાદ્ તેના ત્યાગ માટેની સામગ્રી તરીકે વર્ણવે છે. ''**हयं नाणं कियाहीणं हया अन्नाणओ किया । पासंतो पंगुलो दड्ढो धावमाणो अ अंधओ ॥१०१॥ संजोगसिद्धीइ फलं वयंति न हु एगचक्केण रहो पयाइ । अंधो य पंगू य वणे समिच्चा ते संपउत्ता नगरं पविट्ठा ॥१०२॥**... ઈત્યાદિ ગ્રંથથી ઉપર જણાવેલી વાત જણાવી છે.

આવશ્યક સૂત્રની નિર્યુક્તિની એ ગાથામાં જણાવ્યું છે કે ક્રિયા વગરનું જ્ઞાન નકામું છે અને જ્ઞાન વગરની ક્રિયા નકામી છે. કારણ કે દેખતો પાંગળો બળી ગયો અને

દોડતો અંધ માણસ બળી ગયો. એકની પાસે જ્ઞાન હોવા છતાં ક્રિયા ન હતી અને બીજાની પાસે ક્રિયા હોવા છતાં જ્ઞાન ન હતું. જ્યારે બંન્નેનો સંયોગ થયો ત્યારે ફળની પ્રાપ્તિ થાય છે, એમ વર્ણવાય છે. કારણ કે એક ચક્ર વડે રથ ચાલતો નથી. અંધ અને પઙ્ગુ બંન્ને વનમાં ગયા. ત્યાં આગ લાગી. આંધળાના ખભે પાંગળો બેસીને આંધળાને માર્ગ બતાવે છે અને આંધળો એ મુજબ ચાલે છે. જેથી તે બંન્ને નગરમાં પહોંચ્યા. આ રીતે જ્ઞાન અને સદનુષ્ઠાન બંન્નેનો યોગ થયે છતે કર્મસ્વરૂપ ક્લેશો દૂર થાય છે. તેથી તાદશ ક્લેશોના ત્યાગ માટેની સામગ્રી તરીકે; સ્થિરાદિ દષ્ટિ વખતના સદ્જ્ઞાનને અને પ્રણિધાન, પ્રવૃત્તિ, વિઘ્નજય, સિદ્ધિ, વિનિયોગ : આ પાંચ આશયથી સહિત અનુષ્ઠાનને (સદનુષ્ઠાનને) સિદ્ધાંતના જાણકારો વર્ણવે છે. પ્રણિધાનાદિ પાંચ આશયનું વર્ણન 'યોગવિંશિકા એક પરિશીલન' ઈત્યાદિમાં કર્યું છે... જિજ્ઞાસુઓએ તે ત્યાંથી જાણી લેવું. ॥૨૫-૧॥

* * *

અન્યદર્શનકારોના મતે જે ક્લેશહાનિનો ઉપાય મનાય છે, તે જણાવાય છે-

**नैरात्म्यदर्शनादन्ये, निबन्धनवियोगतः ।**
**क्लेशप्रहाणमिच्छन्ति, सर्वथा तर्कवादिनः ॥२५-२॥**

"સર્વથા તર્કવાદી એવા બૌદ્ધો નૈરાત્મ્યદર્શનથી

નિમિત્તના વિયોગે ક્લેશની હાનિ થાય છે-એમ માને છે.''-આ પ્રમાણે બીજા શ્લોકનો અર્થ છે. કહેવાનું તાત્પર્ય એ છે કે સર્વથા તર્ક-ન્યાયવાદી એવા બૌદ્ધો શાસ્ત્રને માનતા નથી. તેમનું એ કહેવું છે કે બધે જ આત્માનો અભાવ જણાતો હોવાથી ક્લેશની હાનિ થાય છે. કારણ કે તૃષ્ણા સ્વરૂપ ક્લેશના નિમિત્તનો ત્યારે વિરહ હોય છે. તૃષ્ણાનું નિમિત્ત આત્મીય બુદ્ધિ છે. નૈરાત્મ્યદર્શનથી તેનો અભાવ થાય છે... ઈત્યાદિ સ્પષ્ટ છે. ॥૨૫-૨॥

* * *

બૌદ્ધો જ પોતાની માન્યતાનું સમર્થન કરતાં જણાવે છે-

**समाधिराज एतच्च, तदेतत्तत्त्वदर्शनम् ।**
**आग्रहच्छेदकार्येतत्तदेतदमृतं परम् ॥२५-३॥**

''આ નૈરાત્મ્યદર્શન સર્વ સમાધિઓમાં રાજાસમાન શ્રેષ્ઠ છે. તેથી આ નૈરાત્મ્યદર્શન જ તત્ત્વદર્શન છે. તેમ જ આ તત્ત્વદર્શન આગ્રહનો ઉચ્છેદ કરનાર હોવાથી શ્રેષ્ઠ અમૃત છે.''-આ પ્રમાણે ત્રીજા શ્લોકનો અર્થ છે. એનો આશય સ્પષ્ટ છે કે જ્યારે આત્માના અભાવનું દર્શન થાય છે ત્યારે સર્વથા કર્મ ક્લેશોનો નાશ થાય છે, જે સમાધિ-(યોગ)નું અંતિમ ફળ છે. તેથી આ સમાધિ સર્વસમાધિઓમાં રાજાસમાન હોવાથી શ્રેષ્ઠ છે. સર્વયોગમાં અગ્રેસર એવું આ નૈરાત્મ્યદર્શન જ પરમાર્થદર્શન સ્વરૂપ છે. એ પછી કશું જ

જોવાનું રહેતું નથી.

પારમાર્થિક તત્ત્વદર્શનથી 'હું અને મારું' આ પ્રમાણેના અધ્યવસાય સ્વરૂપ મૂર્ચ્છાનો ઉચ્છેદ થાય છે. જ્યાં આત્માનું જ દર્શન ન હોય ત્યાં મૂર્ચ્છાનો સંભવ રહેતો નથી. સર્વત્ર આત્માના અભાવનું દર્શન થવાથી આત્મત્વ અને આત્મીયત્વની બુદ્ધિનો ઉચ્છેદ થાય છે. તેથી મમત્વમૂલક સંસારનો ઉચ્છેદ થવાથી આ નૈરાત્મ્યદર્શન ભાવસ્વરૂપ અમૃત છે. ॥૨૫-૩॥

* * *

ઉપર જણાવેલી વાતને સ્પષ્ટ કરાય છે-

**जन्मयोनिर्यतस्तृष्णा, ध्रुवा सा चात्मदर्शने ।**
**तदभावे च नेयं स्याद्, बीजाभाव इवाङ्कुरः ॥२५-४॥**

નૈરાત્મ્યદર્શનથી તૃષ્ણા(મૂર્ચ્છા-આગ્રહ)નો વિચ્છેદ થાય છે. "કારણ કે તૃષ્ણા જન્મનું કારણ છે; આત્મદર્શન હોતે છતે તે(તૃષ્ણા) ચોક્કસ હોય છે. આત્મદર્શનના અભાવમાં તે થતી નથી. બીજના અભાવમાં જેમ અઙ્કુરનો સંભવ નથી હોતો."-આ પ્રમાણે ચોથા શ્લોકનો અર્થ છે.

કહેવાનો આશય સ્પષ્ટ છે કે તૃષ્ણા લોભસ્વરૂપ છે, જે પુનર્ભવસ્વરૂપ જન્મનું કારણ છે અને 'હું છું...' ઈત્યાદિ આકારનું નિરીક્ષણ (આત્મદર્શન) હોય ત્યારે તાદશ તૃષ્ણા નિશ્ચિતપણે હોય છે. બીજ હોય તો અઙ્કુરનો ઉદ્ભવ થવાનો જ છે. તેવી રીતે આત્મદર્શનથી તૃષ્ણા થવાની જ

છે. પરંતુ સર્વત્ર આત્માના અભાવનું દર્શન થવાથી બીજના અભાવમાં જેમ અઙ્કુરનો અભાવ થાય છે; તેમ લોભસ્વરૂપ તૃષ્ણાનો અભાવ થાય છે. બૌદ્ધો આત્માને માનતા નથી. આત્મદર્શન જ લોભાદિ દ્વારા જન્મનું કારણ બને છે... ઈત્યાદિ અન્યત્ર અનુસંધેય છે. અથવા અધ્યાપક પાસેથી એ સમજવાયોગ્ય છે. અહીં તો સામાન્યથી ગ્રંથના તાત્પર્યને સ્પષ્ટ કરવાનું હોવાથી બૌદ્ધોની માન્યતાને વિસ્તારથી જણાવી નથી. ॥૨૫-૪॥

* * *

આત્મદર્શનમાં જે દોષ છે તે જણાવાય છે. અર્થાદ્ નૈરાત્મ્યદર્શનના અભાવમાં જે દોષ છે, તે જણાવાય છે-

**न ह्यपश्यन्नहमिति, स्निह्यत्यात्मनि कश्चन ।**
**न चात्मनि विना प्रेम्णा, सुखहेतुषु धावति ॥२५-५॥**

આત્મદર્શને જ તૃષ્ણા થાય છે "કારણ કે 'હું' ઈત્યાદિ ઉલ્લેખથી નહિ જોનારને આત્માના વિષયમાં સ્નેહ થતો નથી અને આત્માના વિષયમાં પ્રેમ વિના સુખના કારણભૂત વિષયોમાં કોઈ દોડતું નથી." આ પ્રમાણે પાંચમા શ્લોકનો અક્ષરાર્થ છે. એનું તાત્પર્ય એ છે કે; 'હું છું...' ઈત્યાદ્યાકારક અહમ્‌ના ઉલ્લેખથી કોઈ પણ વસ્તુને નહિ જોનારા અર્થાદ્ જ્ઞાનના વિષયમાં આત્મત્વને નહીં જોનારા બુદ્ધિમાનને, આત્માના વિષયમાં સ્નેહ ઉત્પન્ન થતો નથી. તેમ જ આત્માના વિષયમાં પ્રેમ ન હોય તો કોઈ પણ;

સુખના હેતુ એવા રૂપાદિને વિશે દોડતું-પ્રવર્ત્તતું નથી.

આથી સમજી શકાશે કે આત્મદર્શન વૈરાગ્યનું વિરોધી હોવાથી મુક્તિનો હેતુ નૈરાત્મ્ય(આત્માભાવ)દર્શન જ છે. સ્થિર એવો આત્મા હોય અને તેથી તેમાં પ્રેમ હોય તો વૈરાગ્યનો સંભવ જ નથી. એ સ્થિતિમાં રાગવાળો આત્મા હોવાથી તે ક્યારે ય મુક્ત નહીં થાય. આથી આત્મદર્શન કરનારા માટે મુક્તિનો ત્યાગ જ અવશિષ્ટ છે. કારણ કે આત્મદર્શન સ્વરૂપ વજ્રપાતથી મુક્તિ ઉપહત બને છે... ઈત્યાદિ બૌદ્ધોની માન્યતા છે. ॥૨૫-૫॥

❊ ❊ ❊

નૈરાત્મ્યદર્શનથી ઉપર જણાવ્યા મુજબ ક્લેશની હાનિ થાય છે...ઈત્યાદિ બૌદ્ધોની માન્યતાનું નિરાકરણ કરાય છે-

**नैरात्म्याऽयोगतो नैतदभावक्षणिकत्वयोः ।**
**आद्यपक्षेऽविचार्यत्वाद्, धर्माणां धर्मिणं विना ॥२५-६॥**

"આત્માનો અભાવ છે કે આત્માનું ક્ષણિકત્વ છે : આ બે વિકલ્પો આત્માને આશ્રયીને કરવામાં આવે તો બંન્ને વિકલ્પમાં નૈરાત્મ્ય સઙ્ગત ન હોવાથી 'તેના દર્શનથી મુક્તિ થાય છે' એવી બૌદ્ધોની માન્યતા યુક્ત નથી. પ્રથમ વિકલ્પમાં તો ધર્મી વિના ધર્મની વિચારણા જ શક્ય નથી."-આ પ્રમાણે છઠ્ઠા શ્લોકનો સામાન્યાર્થ છે.

કહેવાનો ભાવ એ છે કે નૈરાત્મ્યદર્શનથી મુક્તિ થાય

છે : એ ત્યારે કહી શકાય કે જ્યારે નૈરાત્મ્ય સઙ્ગત હોય. બૌદ્ધોને પૂછવું જોઈએ કે આત્માનો સર્વથા અભાવ છે તેથી નૈરાત્મ્ય છે ? કે આત્મા ક્ષણિક છે માટે નૈરાત્મ્ય છે ? બંન્ને પક્ષમાં નૈરાત્મ્ય ઉપપન્ન નથી. આત્માનો અભાવ છે આ પ્રથમ પક્ષ(વિકલ્પ)નો સ્વીકાર કરાય તો ધર્મી આત્માનો જ જ્યાં અભાવ હોય; ત્યાં તેના સદનુષ્ઠાન અને મોક્ષ વગેરે ધર્મોનો વિચાર કરવાનું જ કઈ રીતે શક્ય બને ? કારણ કે વંધ્યાનો પુત્ર ન હોવાથી તે સુંદર રૂપવાળો છે કે ખરાબ રૂપવાળો છે... ઈત્યાદિ ધર્મ સ્વરૂપ તેના વિશેષની વિચારણા કરવાની શરૂઆત કોઈ કરતું નથી... એ સ્પષ્ટ છે. જો આત્મા જ ન હોય તો તેના નિરીક્ષણથી તૃષ્ણા થાય છે અને આત્માના અભાવના દર્શનથી મુક્તિ થાય છે... ઈત્યાદિ કથન તદ્દન અયુક્ત છે. ॥૨૫-૬॥

* * *

આત્માના અભાવના કારણે નૈરાત્મ્ય છે : આ પ્રથમ વિકલ્પમાં દૂષણાંતર જણાવીને જ્ઞાનાદ્વૈતવાદીના મતમાં પણ દોષ જણાવાય છે-

**वक्त्राद्यभावतश्चैव, कुमारीसुतबुद्धिवत् ।**
**विकल्पस्याप्यशक्यत्वाद्, वक्तुं वस्तु विना स्थितम् ॥२५-७॥**

"વક્તાદિનો અભાવ હોવાથી પ્રથમ વિકલ્પમાં નૈરાત્મ્ય સઙ્ગત નથી. વસ્તુની સ્થિતિ વિના કુમારીના પુત્રની બુદ્ધિની જેમ વિકલ્પનું નિર્વચન પણ (પ્રથમ પક્ષમાં) શક્ય

નથી.''-આ પ્રમાણે સાતમા શ્લોકનો સામાન્ય અક્ષરાર્થ છે. એનું તાત્પર્ય એ છે કે સર્વથા આત્માનો અભાવ માનનારા બૌદ્ધોના મતમાં નૈરાત્મ્યનું પ્રતિપાદન કરનાર, નૈરાત્મ્યના જ્ઞાતા અને તેના જોનારાનો અભાવ હોવાથી નૈરાત્મ્ય સઙ્ગત નથી. કારણ કે તાદશ વક્તા જ્ઞાતા કે દ્રષ્ટા ચેતન આત્મા હોય છે. જ્યાં તેનો જ અભાવ હોય ત્યાં તાદશ નૈરાત્મ્યપ્રતિપાદક વગેરે ન હોવાથી તેની સિદ્ધિ સઙ્ગત નથી. આત્માના અભાવપક્ષમાં તાદશ વકતાદિના અભાવનો પ્રસંગ હોવાથી નૈરાત્મ્ય સઙ્ગત નથી-એ સમજી શકાય છે.

જ્ઞાનાદ્વૈતવાદીના મતમાં જ્ઞાનને છોડીને બીજા કોઈ પદાર્થો સત્ નથી. બાહ્ય ઘટપટાદિ પદાર્થો જ્ઞાનના જ આકારવિશેષ છે. સ્વપ્નમાં જણાતા પદાર્થોની જેમ ઘટપટાદિ જણાતા અર્થો અસત્ છે. તેથી સર્વત્ર ભ્રમાત્મક પ્રતીતિને લઈને વ્યવહાર ચાલે છે. એવી રીતે નૈરાત્મ્ય-પ્રતિપાદકાદિનો વ્યવહાર પણ ભ્રમાત્મક ઉપપન્ન છે. એના અનુસંધાનમાં <u>कुमारीसुत</u>... ઈત્યાદિ પદોથી જ્ઞાનાદ્વૈતવાદીના મતની અયુક્તતા જણાવાય છે.

આશય એ છે કે જેનો વિવાહ થયો નથી એવી સ્ત્રીને થનારી પુત્રબુદ્ધિની જેમ વિકલ્પ પણ અર્થાત્ નૈરાત્મ્ય-પ્રતિપાદકાદિસંબંધી વિકલ્પ પણ વસ્તુની સ્થિતિ વિના કહી શકાય એમ નથી. કારણ કે કુમારીને સ્વપ્નાવસ્થામાં પોતાને પુત્રની પ્રાપ્તિ થઈ ઈત્યાદિ જે બુદ્ધિ થાય

છે તે પણ કુમારી અને પુત્ર : આ બંન્ને જે પ્રસિદ્ધ પદાર્થો છે, તે બંન્નેના સંબંધનો આરોપ કરવાથી થાય છે. અર્થાદ્ પ્રસિદ્ધ પદાર્થોના સંબંધનો અન્યત્ર આરોપ કરીને ભ્રમાત્મક બુદ્ધિ થતી હોય છે. અહીં જ્ઞાનાદ્વૈતમતમાં તો આત્માનો સર્વથા અભાવ હોવાથી સર્વથા અપ્રસિદ્ધમાં નૈરાત્મ્ય-પ્રતિપાદકાદિનો વ્યપદેશ(વ્યવહાર-આરોપ) સાવ જ અસઙ્ગત છે. કારણ કે કોઈ એક સ્થાને યથાર્થ જ્ઞાનનો વિષય થયો હોય તેનો જ અન્યત્ર આરોપ થાય છે. સર્વથા અપ્રસિદ્ધમાં આરોપ થતો નથી. આથી જ બીજા લોકોના શાસ્ત્રમાં જે જણાવ્યું છે કે-''જેમ કુમારી સ્વપ્નમાં પુત્રને જન્મેલો જોઈને આનંદ પામે છે અને બીજા સ્વપ્નમાં તેને મરેલો જોઈને વિષાદ પામે છે, તેમ બધા જ ધર્મોને કાલ્પનિક જાણવા''... તે વગેરે સંસારની અસારતાને જણાવવા માટે જ વર્ણવ્યું છે. સર્વથા વસ્તુમાત્રના અભાવને જણાવવા માટે કહ્યું નથી. કારણ કે ઉપર જણાવ્યા મુજબ અપ્રસિદ્ધમાં આરોપ થતો નથી. આરોપ માટે પણ વસ્તુને પ્રસિદ્ધ કર્યા વિના ચાલે એવું નથી... ઈત્યાદિ વિચારવું જોઈએ. ॥૨૫-૭॥

* * *

પ્રથમ વિકલ્પમાં નૈરાત્મ્યનો અયોગ છે તે જણાવીને બીજા વિકલ્પમાં પણ તેનો અયોગ છે-એ જણાવાય છે-

**द्वितीयेऽपि क्षणादूर्ध्वं, नाशादन्याप्रसिद्धितः ।**
**अन्यथोत्तरकार्याङ्गभावाविच्छेदतोऽन्वयात् ॥२५-८॥**

''બીજા વિકલ્પમાં પણ નૈરાત્મ્ય સઙ્ગત નથી. કારણ કે ક્ષણિક એવા આત્માનો અનંતરક્ષણમાં તરત જ સર્વથા નાશ થતો હોવાથી ત્યાર પછી અનંતર ક્ષણ સ્વરૂપ આત્માની પ્રસિદ્ધિ નથી. અન્યથા પૂર્વક્ષણથી ઉત્તરક્ષણની ઉત્પત્તિ થાય છે એમ માનવામાં આવે તો તે સ્વરૂપે (કાર્યરૂપે) કારણક્ષણનો અન્વય(સંબંધ) વિદ્યમાન હોવાથી સર્વથા ક્ષય નહિ મનાય.''-આ પ્રમાણે આઠમા શ્લોકનો અર્થ છે. માત્ર શબ્દશઃ શ્લોકાર્થ-''બીજા પક્ષમાં પણ એક ક્ષણ પછી આત્માનો નાશ થવાથી અન્ય ક્ષણની અપ્રસિદ્ધિના કારણે નૈરાત્મ્ય સઙ્ગત નથી. અન્યથા ઉત્તરક્ષણ સ્વરૂપ કાર્યના અઙ્ગ તરીકે પૂર્વક્ષણનો સંબંધ હોવાથી બેક્ષણ-વૃત્તિના કારણે સ્થિરતાનો પ્રસઙ્ગ આવશે.''-આ પ્રમાણે છે.

કહેવાનો આશય એ છે કે **'नैरात्म्याऽयोगतो...'** ઈત્યાદિ શ્લોકમાં જણાવ્યા મુજબ 'આત્મા ક્ષણિક છે, તેથી નૈરાત્મ્ય છે'-આ બીજો પક્ષ સ્વીકારવામાં આવે તો તે પક્ષમાં પણ નૈરાત્મ્ય સઙ્ગત નથી. કારણ કે ક્ષણ પછી ક્ષણિક એવા આત્માનો નાશ થવાથી અને બીજા એવા અનંતરક્ષણની પ્રસિદ્ધિ ન હોવાથી આત્માને આશ્રયીને કરેલા અનુષ્ઠાનના ફળની અનુપપત્તિ થાય છે. સર્વથા વિનાશ થતો હોવાથી અનંતર ક્ષણની સાથે તેની પૂર્વેના ક્ષણનો કોઈ જ સંબંધ રહેતો નથી. બંન્ને ક્ષણો સર્વથા ભિન્ન જ છે. અન્યથા, ભાવથી જ ભાવની અર્થાત્ પૂર્વક્ષણથી જ ઉત્તરક્ષણની ઉત્પત્તિ થાય છે-એમ માનવામાં

આવે તો પૂર્વક્ષણ ઉત્તરક્ષણનું અઙ્ગ હોવાથી પૂર્વક્ષણ જ ઉત્તરક્ષણમાં પરિણત છે અર્થાત્ પૂર્વક્ષણ ઉત્તરક્ષણ-સ્વરૂપે(પરિણામીભાવે) વિદ્યમાન છે-એમ માનવું જોઈએ અને તેથી પૂર્વક્ષણ જ કથઞ્ચિદ્(કારણરૂપે) અભાવરૂપે થઈને ઉત્તરક્ષણસ્વરૂપે પરિણામ પામેલો હોવાથી પૂર્વક્ષણસ્વરૂપ પદાર્થની સ્થિતિ બે ક્ષણ માટે હોવાના કારણે ધ્રૌવ્ય(સ્થિરત્વ) સિદ્ધ થશે, જે ક્ષણિકવાદીને અનિષ્ટ છે.

સર્વથા અસદ્‌થી સદ્‌રૂપ પરિણામ થાય છે-એ પ્રમાણે કહી શકાય એવું નથી. કારણ કે સર્વથા અસદ્ એવા ખરવિષાણ(ગધેડાના શિંગડા)માં ઉત્તરક્ષણસ્વરૂપ ભાવમાં પરિણમવાની શક્તિ નથી. સમાન ક્ષણાંતરની સામગ્રીમાં અત્યંત યોગ્યતાવિશિષ્ટ જે શક્તિ છે તેનાથી જ પૂર્વક્ષણ ઉત્તરક્ષણમાં પરિણમે છે, જે વસ્તુની સ્થિરતા વિના શક્ય નથી... ઈત્યાદિ ઉપયોગપૂર્વક વિચારવું જોઈએ.

||૨૫-૮||

* * *

આત્માને સર્વથા ક્ષણિક માનનારના મતમાં પ્રકારાંતરથી દોષ જણાવાય છે-**किं च** ઈત્યાદિ ગ્રંથથી. એનો આશય એ છે કે ક્ષણિક આત્માને સ્વીકારીએ તો પોતાની મેળે નિવૃત્તિના સ્વભાવવાળો તે છે, તેથી તે ક્ષણિક છે કે પછી બીજાને ઉત્પન્ન કરવાના સ્વભાવવાળો હોવાથી તે ક્ષણિક છે; કે પછી બંન્ને સ્વભાવવાળો હોવાથી તે ક્ષણિક છે-આ ત્રણ પક્ષ-વિકલ્પ છે. તેમાંથી પ્રથમ

અને દ્વિતીય પક્ષમાં જે દોષ છે તે જણાવાય છે-

**स्वनिवृत्तिस्वभावत्वे, न क्षणस्यापरोदयः ।**
**अन्यजन्मस्वभावत्वे, स्वनिवृत्तिरसङ्गता ॥२५-९॥**

"આત્મસ્વરૂપ ક્ષણનો સ્વનિવૃત્તિસ્વભાવ હોય તો પોતાની જેવા બીજા ક્ષણની ઉત્પત્તિ નહીં થાય. આત્મસ્વરૂપ ક્ષણનો અન્યક્ષણને ઉત્પન્ન કરવાનો સ્વભાવ હોય તો પોતાની નિવૃત્તિ અસઙ્ગત છે."-આ પ્રમાણે નવમા શ્લોકનો અક્ષરાર્થ છે. એનો ભાવ સ્પષ્ટ છે કે પોતાની નિવૃત્તિના સ્વભાવવાળા આત્મસ્વરૂપ ક્ષણનો સ્વીકાર કરવામાં આવે તો સ્વસદૃશ બીજા ક્ષણની ઉત્પત્તિ નહિ થાય; કારણ કે આત્મસ્વરૂપ ક્ષણનો, સ્વસદૃશ ક્ષણાંતરને ઉત્પન્ન કરવાનો સ્વભાવ નથી. તેથી પ્રથમ પક્ષમાં દોષ છે.

બીજા પક્ષમાં દોષનું ઉદ્ભાવન, શ્લોકના ઉત્તરાર્દ્ધથી કરાય છે. આશય એ છે કે આત્મસ્વરૂપ ક્ષણનો બીજા સ્વસદૃશ ક્ષણને ઉત્પન્ન કરવાનો સ્વભાવ સ્વીકારવામાં આવે તો સ્વસદૃશ ક્ષણાંતરની ઉત્પત્તિ થાય તોપણ પોતાની નિવૃત્તિ સઙ્ગત નહીં થાય. કારણ કે પોતાની નિવૃત્તિ કરવાનો સ્વભાવ નથી. સ્વભાવ ન હોય તો વિવક્ષિત કાર્ય ન થાય... એ સ્પષ્ટ છે. ॥૨૫-૯॥

* * *

ત્રીજા પક્ષમાં દૂષણ જણાવાય છે-

उभयैकस्वभावत्वे, न विरुद्धोऽन्वयोऽपि हि ।
न च तद्धेतुकः स्नेहः, किन्तु कर्मोदयोद्भवः ॥२५-१०॥

"ઉભય (સ્વનિવૃત્તિ અને સ્વસદશાપરક્ષણજનનો-ભય) એક સ્વભાવવાળો આત્મસ્વરૂપ ક્ષણ માનવામાં આવે તો તાદશાત્માનો પૂર્વાપર ક્ષણની સાથે સંબંધ વિરુદ્ધ નથી. તેમ જ સ્નેહ, આત્મદર્શનના કારણે નથી. પરંતુ કર્મના ઉદયથી તે થાય છે."-આ પ્રમાણે દશમા શ્લોકનો અર્થ છે. તાત્પર્ય એ છે કે આત્મસ્વરૂપ ક્ષણને સ્વનિવૃત્તિ અને પોતાના જેવા બીજા ક્ષણને ઉત્પન્ન કરવાના ઉભય એક સ્વભાવવાળો માનીએ તો આત્માનો પૂર્વાપરકાળની સાથેનો સંબંધ પણ ઘટી શકે છે.

'જે કોઈ નિવૃત્ત થાય છે તે જ બીજા ક્ષણને ઉત્પન્ન કરવાના સ્વભાવવાળું છે.' આ પ્રમાણેના શબ્દાર્થની અન્યથાનુપપત્તિથી જ તાદશાત્માનો પૂર્વાપર ક્ષણની સાથેના અન્વય-સંબંધની સિદ્ધિ થાય છે. જો એ રીતે પૂર્વાપર ક્ષણની સાથે અન્વય ન માનીએ તો જે પોતે જ નષ્ટ થાય છે, તે બીજાને ઉત્પન્ન કઈ રીતે કરે ? બીજાને ઉત્પન્ન કરવા માટે તેનો બીજા ક્ષણમાં સંબંધ માન્યા વિના ચાલે એવું નથી. 'પૂર્વ અને અપર : આ બે ક્ષણની સાથે એક જ આત્માનો સંબંધ કઈ રીતે થાય ?'-આવી શઙ્કા બૌદ્ધે ના કરવી જોઈએ. કારણ કે અભાવસ્વરૂપ સ્વનિવૃત્તિ અને સ્વસદશ અપરક્ષણસ્વરૂપ ભાવ-આ બંન્ને પરસ્પર વિરોધી એવા બેને ઉત્પન્ન કરવાનો એક સ્વભાવ જો આત્મામાં

માની શકાય છે, તો તેની જેમ પૂર્વકાળ અને અપરકાળ : બંન્નેની સાથે એક સંબંધ રાખવાનો સ્વભાવ પણ આત્મામાં માની શકાય છે.

આ રીતે માનવાથી જ વાસ્તવિક રીતે પ્રત્યભિજ્ઞા તેમ જ ક્રિયા અને ફળનું સામાનાધિકરણ્ય વગેરે સઙ્ગત થાય છે. પૂર્વે જોયેલા પદાર્થનું વર્તમાનમાં સન્મુખવર્ત્તી પદાર્થમાં જે અભેદરૂપે જ્ઞાન થાય છે તેને પ્રત્યભિજ્ઞા કહેવાય છે. 'તે આ દેવદત્ત છે જેને મેં કાશીમાં જોયો હતો...' ઈત્યાદિ સ્વરૂપવાળા જ્ઞાનને પ્રત્યભિજ્ઞા કહેવાય છે. વસ્તુ જો એક ક્ષણમાં જ નષ્ટ થવાની હોય તો પ્રત્યભિજ્ઞાત્મક જ્ઞાન શક્ય નથી. એ પ્રત્યભિજ્ઞા વસ્તુની સ્થિરતાથી જ શક્ય છે. તેમ જ ધર્મક્રિયા કર્યા પછી તેનું અદષ્ટાદિ ફળ ધર્મક્રિયાને કરનારાને જ પ્રાપ્ત થતું હોય છે. એક કાર્ય કરે અને તેનું ફળ બીજાને મળે-એવું બનતું નથી. તેથી ક્રિયા અને ફળ એક અધિકરણમાં જ હોય છે. ક્રિયા અને ફળની એકાધિકરણમાં જે સ્થિતિ છે, તેને તેનું સામાનાધિકરણ્ય કહેવાય છે. ક્રિયા કરનાર એક ક્ષણમાં જ નાશ પામે તો તેને ફળની પ્રાપ્તિ જ નહીં થાય. તેથી ક્રિયા અને ફળના ઐકાધિકરણ્યને ઉપપન્ન કરવા માટે વસ્તુને સ્થિર માનવી જોઈએ... ઈત્યાદિ 'સ્યાદ્વાદ કલ્પલતા' વગેરે ગ્રંથોમાં વિસ્તારથી ગ્રંથકારશ્રીએ જણાવ્યું છે.

**जन्मयोनिर्यतस्तृष्णा...** (૨૫-૪) ઈત્યાદિ શ્લોકથી જે જણાવેલું કે આત્મદર્શનથી તૃષ્ણા થાય છે, તેનું નિરાકરણ

આ શ્લોકના ઉત્તરાર્દ્ધથી કરાય છે. એનો આશય સ્પષ્ટ છે કે સ્નેહ(તૃષ્ણા) આત્મદર્શનના કારણે થતો નથી. પરંતુ મોહનીયકર્મના ઉદયથી થાય છે. તેથી સ્નેહ થવો એ અપરાધ આત્મદર્શનનો નથી, પણ મોહનીયકર્મનો છે. ॥૨૫-૧૦॥

* * *

યદ્યપિ આત્મદર્શનમાત્રથી સ્નેહ થતો નથી. કારણ કે તેમ માનવામાં આવે તો ક્ષણિક આત્માનું પણ સ્વસંવેદનાત્મક પ્રત્યક્ષ તો થાય છે. તેથી આત્મદર્શનમાત્રને સ્નેહનું કારણ માનીએ તો ક્ષણિકાત્માને માનનારને પણ સ્નેહના ઉદ્ભવનો પ્રસઙ્ગ આવે છે. પરંતુ ધ્રુવ (સ્થિર-નિત્ય) આત્મદર્શનથી ચોક્કસ જ સ્નેહ થાય છે. કારણ કે સ્થિર હોવાના કારણે ભવિષ્યકાળમાં તેને સુખ મળી રહે અને દુઃખ આવે નહિ... ઈત્યાદિની ચિંતા અવશ્ય થાય છે. પણ બીજા ક્ષણે જ જેનો નાશ થવાનો છે તે ક્ષણિક આત્માને આશ્રયીને તેવી ચિંતા થતી નથી. તેથી માત્ર આત્મદર્શન સ્નેહનું કારણ નથી. પરંતુ ધ્રુવ એવા આત્માનું દર્શન સ્નેહનું કારણ છે. આ પ્રમાણે માનનારા બૌદ્ધોની શઙ્કાનું સમાધાન કરાય છે-

**ध्रुवेक्षणेऽपि न प्रेम, निवृत्तमनुपप्लवात् ।**
**ग्राह्याकार इव ज्ञानेऽन्यथा तत्राऽपि तद्भवेत् ॥२५-११॥**

"ધ્રુવાત્મદર્શનમાં પણ સ્નેહ થતો નથી. કારણ કે

ઉપપ્લવના અભાવના કારણે જ્ઞાનમાં ગ્રાહ્યાકારની જેમ સ્નેહ વિરામ પામે છે. અન્યથા ક્ષણિક આત્મવાદીને પણ તે પ્રસઙ્ગ આવે છે.''-આ પ્રમાણે અગિયારમા શ્લોકનો અર્થ છે. એનો આશય એ છે કે ધ્રુવ(સ્થિર-નિત્ય) એવા આત્મદર્શનમાત્રથી પ્રેમ ઉત્પન્ન થવાના ઉત્સાહવાળો નથી. કારણ કે જેને બૌદ્ધો વિસભાગ કહે છે, તેના પરિક્ષય સ્વરૂપ સઙ્કલેશક્ષય થવાથી અર્થાત્ સઙ્કલેશસ્વરૂપ ઉપપ્લવનો અભાવ થવાથી ધ્રુવાત્મદર્શનમાં પણ સ્નેહ થતો નથી. તમારા મતમાં(બૌદ્ધમતમાં) વિસભાગનો ક્ષય થવાથી જ્ઞાનમાં બાહ્ય ઘટ-પટાદિ સ્વરૂપ ગ્રાહ્યાકાર જેમ નિવૃત્ત થાય છે, કારણ કે ઉપપ્લવ(વિસભાગ-કલેશ)ના કારણે જ્ઞાનમાં ગ્રાહ્યાકારનો અવભાસ થાય છે અને વિસભાગ-ઉપપ્લવના અભાવમાં ગ્રાહ્યાકારની પણ નિવૃત્તિ થાય છે તેમ ઉપપ્લવના અભાવથી સ્નેહની પણ નિવૃત્તિ થાય છે.

બૌદ્ધોએ આ વિષયમાં જણાવ્યું છે કે-''શુદ્ધજ્ઞાનનું કોઈ ગ્રાહ્ય(ઘટાદિ વિષય) નથી. તે જ્ઞાનથી કોઈનું ગ્રહણ થતું નથી. તેમ જ આ શુદ્ધ જ્ઞાન, બીજા કોઈ જ્ઞાનનું ગ્રાહ્ય ન હોવાથી જ્ઞાનાંતરગ્રાહ્યતાથી શૂન્ય છે. તોપણ પ્રત્યક્ષ સ્વરૂપ જ્ઞાનમય પ્રકાશ વિદ્યમાન હોવાથી શૂન્યવાદ (સર્વથા શૂન્યવાદ) નથી...'' આથી સમજી શકાશે કે વિસભાગનો ક્ષય થવાથી જ્ઞાન હોવા છતાં ગ્રાહ્યાકાર જેમ હોતો નથી; તેમ ધ્રુવાત્મદર્શન હોવા છતાં ઉપપ્લવના અભાવના કારણે સ્નેહ થતો નથી. અન્યથા ઉપપ્લવ ન હોય તોય

ધ્રુવાત્મદર્શનથી પ્રેમ થાય છે-એમ માનવામાં આવે તો ત્યાં તમારા મતમાં (બૌદ્ધાભિમતમાં) પ્રસિદ્ધ એવા આત્મામાં પણ પ્રેમની ઉત્પત્તિનો પ્રસઙ્ગ આવશે.

યદ્યપિ બૌદ્ધો આત્માને ધ્રુવ માનતા ન હોવાથી ધ્રુવાત્મદર્શનથી પ્રેમની ઉત્પત્તિનો પ્રસઙ્ગ તેમને નથી. પરંતુ સ્નેહની પ્રત્યે ધ્રુવાત્મદર્શનને કારણ માનવાની અપેક્ષાએ આત્મદર્શનને કારણ માનવામાં લાઘવ છે અને તેથી પ્રેમની ઉત્પત્તિની પ્રત્યે આત્મદર્શનને કારણ માનવાનું ઉચિત હોવાથી બૌદ્ધોને પણ આત્મદર્શનથી સ્નેહોત્પત્તિનો પ્રસઙ્ગ અનિવાર્ય છે. યદ્યપિ આત્મદર્શનમાત્રથી પ્રેમથી ઉત્પત્તિ થતી નથી. તેની સાથે મોહ હોવાથી તે થાય છે. આત્મા ક્ષણિક હોવા છતાં તેમાં ધ્રુવત્વની ભાવના મોહથી જ થાય છે. તેથી ધ્રુવાત્મદર્શનમાં અવશ્ય સ્નેહની ઉત્પત્તિ થાય છે. ક્ષણિકાત્મવાદીને તો એવો મોહ ન હોવાથી તેમને પ્રેમોત્પત્તિનો પ્રસઙ્ગ આવતો નથી. પરંતુ 'મોહથી આત્માના ધ્રુવત્વનું ભાવન કરાય છે'-આ વાત બૌદ્ધો પોતાની વાસનાથી કરે છે, પણ એ વાત અયુક્ત છે. આત્માનું ધ્રુવત્વ વાસ્તવિક છે... ઈત્યાદિ વિચારવાથી સમજાશે કે બૌદ્ધોની વાત ધ્યાનમાં લેવા જેવી નથી. ॥૨૫-૧૧॥

* * *

પાતઞ્જલોની માન્યતાનુસાર ક્લેશહાનિના ઉપાય જણાવાય છે-

**विवेकख्यातिरुच्छेत्री, क्लेशानामनुपप्लवा ।**
**सप्तधा प्रान्तभूप्रज्ञा, कार्यचित्तविमुक्तिभिः ।।२५-१२।।**

"ઉપપ્લવથી રહિત એવી વિવેકખ્યાતિ કલેશોનો ઉચ્છેદ કરનારી છે. કાર્યવિમુક્તિ અને ચિત્તવિમુક્તિ(ચાર અને ત્રણ પ્રકારની)ના ભેદથી તે વિવેકખ્યાતિ સાત પ્રકારની ઉત્તમ અવસ્થાવાળી બુદ્ધિ સ્વરૂપ છે."-આ પ્રમાણે બારમા શ્લોકનો અક્ષરાર્થ છે. એનો આશય એ છે કે પાતઞ્જલ-યોગસૂત્રમાં જણાવ્યા મુજબ અવિદ્યાદિસ્વરૂપ કલેશોનો ઉચ્છેદ; ઉપપ્લવથી રહિત એવી વિવેકખ્યાતિથી થાય છે. અવિદ્યાની પ્રતિપક્ષ(વિરુદ્ધ) ભાવનાથી અવિદ્યાનો પ્રલય થયે છતે; હું જાણું છું, હું કરું છું... ઈત્યાદિ પ્રકારનું અભિમાન(જ્ઞાતૃત્વ-કર્તૃત્વાભિમાન) નિવૃત્ત થાય છે. આવી નિવૃત્તાભિમાનવાળી બુદ્ધિ રજોગુણ અને તમોગુણથી અભિભૂત નથી હોતી. તેથી તાદશ બાહ્યવિષયોથી પરાઙ્મુખ એવી અંતર્મુખ બુદ્ધિમાં પુરુષનું ચિદ્રૂપ સઙ્ક્રાંત થાય છે. આ ચિચ્છાયાની સઙ્ક્રાંતિને વિવેકખ્યાતિ કહેવાય છે. વચ્ચે વચ્ચે જ્યારે વ્યુત્થાન અર્થાત્ મિથ્યાજ્ઞાનનો પ્રાદુર્ભાવ થાય ત્યારે તે વિવેકખ્યાતિ, ઉપપ્લવવાળી કહેવાય છે. તેનાથી ભિન્ન, ઉપપ્લવથી રહિત એવી વિવેકખ્યાતિ અવિદ્યાદિ કલેશોનો ઉચ્છેદ કરનારી છે. આ પ્રમાણે પાતંજલ-યોગસૂત્રમાં (૨-૨૬માં) જણાવ્યું છે કે 'વિપ્લવ-મિથ્યાજ્ઞાનથી રહિત એવી વિવેકખ્યાતિ, અવિદ્યાદિ કલેશની હાનિનો ઉપાય છે.'

આ વિવેકખ્યાતિ, સાત પ્રકારથી પ્રાંતભૂપ્રજ્ઞા સ્વરૂપ બને છે. સકલ સાલંબનસમાધિની છેલ્લી અવસ્થાપન્ન બુદ્ધિસ્વરૂપ પ્રાંતભૂપ્રજ્ઞા છે. એના કાર્યવિમુક્તિને લઈને અને ચિત્તવિમુક્તિને લઈને અનુક્રમે ચાર અને ત્રણ પ્રકાર હોવાથી તે સાત પ્રકારની છે. વિવેકખ્યાતિને પ્રાપ્ત કરેલા યોગીઓને આ સાત પ્રકારની પ્રજ્ઞા પ્રાપ્ત થાય છે. સકલ કાર્યો જેમાં સમાપ્ત થાય છે તે પ્રજ્ઞાને કાર્યવિમુક્તિ પ્રજ્ઞા કહેવાય છે. સામાન્યથી પ્રજ્ઞાના પોતાના ચાર પ્રકારનાં કાર્ય હોવાથી કાર્યવિમુક્તિ પ્રજ્ઞા ચાર પ્રકારની છે. એમાં **'न मे ज्ञातव्यं किञ्चिदस्ति'**... ઈત્યાકારક પ્રજ્ઞા પ્રથમ પ્રકારની છે. સમગ્ર સંસારમાં સઘળા ય હેય પદાર્થોને મેં જાણી લીધા છે; હવે કોઈ પણ હેય મારે જાણવાયોગ્ય રહ્યા નથી. આવી પ્રજ્ઞા વિવેકખ્યાતિપ્રાપ્ત યોગીને પ્રાપ્ત થાય છે.

ત્યાર પછી 'મારા અવિદ્યાદિ સર્વ ક્લેશો ક્ષીણ થયા છે, હવે મારા માટે ક્ષય કરવા યોગ્ય કોઈ ક્લેશ નથી.'- આવા પ્રકારની બીજી કાર્યવિમુક્તિ પ્રજ્ઞા પ્રાપ્ત થાય છે. જેનું સ્વરૂપ સ્પષ્ટ છે કે **'क्षीणा मे क्लेशा न मे क्षेतव्यं किञ्चिदस्ति'** આવા પ્રકારની જે બુદ્ધિ છે, તેને બીજી કાર્યવિમુક્તિ પ્રજ્ઞા કહેવાય છે. **'अधिगतं मया हानम् (ज्ञानम्)'** અર્થાદ્ મેં કૈવલ્યસ્વરૂપ જ્ઞાન પ્રાપ્ત કરી લીધું છે- આવા પ્રકારની ત્રીજી કાર્યવિમુક્તિ પ્રજ્ઞા છે અને **'प्राप्ता विवेकख्यातिः'** અર્થાદ્ મેં વિવેકખ્યાતિ પ્રાપ્ત કરી લીધી છે... આવા પ્રકારની જે બુદ્ધિ છે, તે ચોથી કાર્યવિમુક્તિ

પ્રજ્ઞા છે. અન્યત્ર 'साक्षात्कृतं निरोधसमाधिना हानम्' અને 'भावितो विवेकख्यातिरूपो हानोपायः'... ઈત્યાદિરૂપે ત્રીજી અને ચોથી કાર્યવિમુક્તિ પ્રજ્ઞા વર્ણવી છે. કાર્યવિષયક નિર્મળ જ્ઞાનસ્વરૂપ એ ચારે ય પ્રજ્ઞા છે.

'चरितार्था मे बुद्धिः, गुणा हताधिकारा मोहबीजाभावात् कुतोऽमीषां प्ररोहः' અર્થાદ્ મારી બુદ્ધિ ચરિતાર્થ થઈ છે, કોઈ પણ કાર્ય કરવાનું હવે રહેતું નથી. સત્ત્વ, રજ અને તમો ગુણોનો અધિકાર પૂર્ણ થયો છે. મોહનું બીજ ન હોવાથી એનો પ્રરોહ ક્યાંથી થાય ? અર્થાદ્ ન જ થાય... આવા પ્રકારની પ્રજ્ઞા પાંચમી છે. 'सात्मीभूतश्च मे समाधिः'- અર્થાત્ મને સમાધિ આત્મસાત્ થઈ છે-આવા પ્રકારની છઠ્ઠી પ્રજ્ઞા છે. અને 'स्वरूपप्रतिष्ठोऽहम्' અર્થાત્ મેં મારું સ્વરૂપ પ્રાપ્ત કરી લીધું છે; હું મારા સ્વરૂપમાં જ પ્રતિષ્ઠિત થયો છું-આવા પ્રકારની સાતમી પ્રજ્ઞા છે. આ છેલ્લી ત્રણ પ્રજ્ઞાઓ ગુણવિષયક જ્ઞાનસ્વરૂપ છે, જેને ચિત્તવિમુક્તિ પ્રજ્ઞા કહેવાય છે. આ પ્રજ્ઞાનું વર્ણન પાતંજલયોગસૂત્રમાં ''तस्य सप्तधा प्रान्तभूमिः प्रज्ञा'' (૨-૨૭।।) આ સૂત્રથી કરાયું છે. જેનો આશય સમજી શકાય છે કે ઉત્પન્ન થઈ છે વિવેકખ્યાતિ જેને એવા યોગીની પ્રજ્ઞા; વિષયને આશ્રયીને સાત પ્રકારની ઉત્કૃષ્ટ અવસ્થારૂપ છે... ઈત્યાદિ ઉપર જણાવ્યું છે. ।।૨૫-૧૨।।

* * *

વિવેકખ્યાતિથી અવિદ્યાદિ ક્લેશોનો ઉચ્છેદ કઈ રીતે

થાય છે તે જણાવાય છે-

**बलान्नश्यत्यविद्यास्या, उत्तरेषामियं पुनः ।**
**प्रसुप्ततनुविच्छिन्नोदाराणां क्षेत्रमिष्यते ॥२५-१३॥**

"આ વિવેકખ્યાતિના બળે અવિદ્યા નાશ પામે છે. આ અવિદ્યા, પ્રસુપ્ત તનુ વિચ્છિન્ન અને ઉદાર એવા અસ્મિતા વગેરે ક્લેશોનું ઉદ્ભવસ્થાન છે."-આ પ્રમાણે તેરમા શ્લોકનો અર્થ છે. એનું તાત્પર્ય એ છે કે અવિદ્યા અસ્મિતા રાગ દ્વેષ અને અભિનિવેશ-આ પાંચ ક્લેશ છે. એમાં અવિદ્યા, અસ્મિતાદિ ચારનું ઉત્પત્તિસ્થાન છે. અવિદ્યાને લઈને અસ્મિતાદિની ઉત્પત્તિ થાય છે. અવિદ્યાના અભાવમાં અસ્મિતાદિનો પણ અભાવ હોય છે. અવિદ્યા મિથ્યાજ્ઞાન સ્વરૂપ છે. તેનાથી અસ્મિતાદિ ક્લેશની ઉત્પત્તિ થાય છે. એ બધાનું સ્વરૂપ હવે પછી જણાવાશે. (જુઓ શ્લો.નં. ૧૮ થી ૨૦)

અવિદ્યા જેનું મૂળ છે એવા અસ્મિતાદિ ચાર ક્લેશોના પ્રસુપ્ત તનુ વિચ્છિન્ન અને ઉદાર : આ ચાર ભેદ છે. તેનું પણ સ્વરૂપ હવે પછીના શ્લોકથી જણાવાય છે. આ વાત, યોગસૂત્ર(૨-૪)માં જણાવી છે. એનો આશય સ્પષ્ટ છે કે પ્રસુપ્ત તનુ વિચ્છિન્ન અને ઉદાર એવા અસ્મિતાદિ ક્લેશોનું ઉત્પત્તિસ્થાન અવિદ્યા છે. ॥૨૫-૧૩॥

* * *

પ્રસુપ્ત ક્લેશનું સ્વરૂપ જણાવાય છે-

**स्वकार्यं नारभंते ये, चित्तभूमौ स्थिता अपि ।**
**विना प्रबोधकबलं, ते प्रसुप्ताः शिशोरिव ॥२५-१४॥**

"જે ક્લેશો, ચિત્તસ્વરૂપ ભૂમિમાં રહેલા હોવા છતાં તેને જગાડનારા બળ વિના પોતાના કાર્યનો આરંભ કરતા નથી, તે ક્લેશો બાળકની જેમ પ્રસુપ્ત કહેવાય છે."-આ પ્રમાણે ચૌદમા શ્લોકનો અર્થ છે. એનો આશય સ્પષ્ટ છે કે બાળકો સૂતેલાં હોય તો જેમ તેઓ કોઈ કાર્ય કરતા નથી પણ તેમને કોઈ જગાડે તો તેઓ પોતાનું કાર્ય કરે છે, તેમ ચિત્તમાં ક્લેશો રહેલા હોવા છતાં તે ક્લેશો ઉદ્બોધકના બળ વિના પોતાનું કાર્ય કરતા નથી; તેથી તે ક્લેશોને પ્રસુપ્ત કહેવાય છે.

સામાન્ય રીતે તત્ત્વમાં લીન બનેલા યોગીઓના ક્લેશો પ્રસુપ્ત હોય છે. તત્ત્વમાં લીન હોવાથી એ યોગીની ચિત્ત-પરિણતિ વિષયથી(રૂપાદિથી) વિમુખ હોય છે. તેથી ચિત્તમાં રહેલા ક્લેશોને કોઈ ઉદ્બોધક બળ પ્રાપ્ત થતું નથી. વિષયોને પ્રાપ્ત કરીને ચિત્તમાં વિદ્યમાન ક્લેશો કાર્ય કરે છે... ઈત્યાદિ સમજી શકાય છે. અપ્રશસ્ત વિષયોની પ્રવૃત્તિ સઙ્ક્લેશની ઉદ્બોધક બનતી હોય છે.

॥૨૫-૧૪॥

* * *

તનુ ક્લેશનું સ્વરૂપ વર્ણવાય છે-

**भावनात्प्रतिपक्षस्य शिथिलीकृतशक्तयः ।**

## तनवोऽतिबलापेक्षा, योगाभ्यासवतो यथा ॥२५-१५॥

"વિરુદ્ધ પરિણામના અભ્યાસથી જેની કાર્ય કરવાની શક્તિ શિથિલ કરાઈ છે એવા, યોગાભ્યાસવાળા યોગીના જેવા ક્લેશોને તનુ કહેવાય છે, જેને પોતાનું કાર્ય કરવામાં ઘણા બળની અપેક્ષા હોય છે."-આ પ્રમાણે પંદરમા શ્લોકનો અર્થ છે. કહેવાનો આશય એ છે કે જેમને યોગનો અભ્યાસ છે એવા યોગીના રાગાદિની જેમ જે ક્લેશો પોતાનું કાર્ય કરવા માટે શિથિલ શક્તિવાળા છે તે ક્લેશોને 'તનુ' ક્લેશો કહેવાય છે.

ક્લેશોની તનુતા, સ્વવિરોધી(ક્લેશવિરોધી સમાધિ) પરિણામના અભ્યાસથી ક્લેશોની પોતાની કાર્ય કરવાની શક્તિ શિથિલ થવાથી થાય છે. આ ક્લેશો, પોતાના કાર્ય કરવાના સંસ્કારનો અવરોધ થવાથી ચિત્તમાં, કાર્ય કર્યા વિના રહેતા હોય છે. આમ તો બાળકની જેમ સુપ્ત ક્લેશો પણ પોતાનું કાર્ય કર્યા વિના ચિત્તમાં રહેતા હોય છે. પરંતુ ત્યાં સુપ્ત ક્લેશોને પ્રબોધક કોઈ બળ પ્રાપ્ત થતું ન હોવાથી તે કાર્ય કરતા નથી, તેમના સંસ્કાર અવરુદ્ધ હોતા નથી. તનુ ક્લેશોને તો પ્રબોધક બળ પ્રાપ્ત થયેલું હોવાથી અર્થાદ્ તે તનુ ક્લેશો પ્રબુદ્ધ જ હોવાથી એ બંન્નેમાં ફરક છે.

આ તનુભૂત ક્લેશોને પોતાનું કાર્ય કરવા માટે ઘણા બળની અપેક્ષા છે. માત્ર પ્રબોધક બળથી કામ સરતું નથી. શક્તિ શિથિલ થઈ હોવાથી પોતાનું કાર્ય કરવા માટે અધિક બળની અપેક્ષા રહે-એ સમજી શકાય છે. યોગના

અભ્યાસીના રાગાદિ કલેશો જેમ કાર્યરત નથી, તેમ આ તનુકલેશો પણ પોતાના કાર્યની પ્રત્યે શિથિલ છે.

॥૨૫-૧૫॥

* * *

વિચ્છિન્ન કલેશોનું નિરૂપણ કરાય છે-

**अन्येनोच्चैर्बलवताभिभूतस्वीयशक्तय: ।**
**तिष्ठन्तो हन्त विच્छिन्ना, रागो द्वेषोदये यथा ॥२५-१६॥**

"બીજા અત્યંત બળવાન એવા ક્લેશના કારણે જે કલેશોની શક્તિ અભિભૂત થઈ છે એવા, ચિત્તમાં રહેલા કલેશોને વિચ્છિન્ન કહેવાય છે. જેમ રાગના ઉદયમાં દ્વેષ વિચ્છિન્ન કહેવાય છે."-આ પ્રમાણે સોળમા શ્લોકનો અક્ષરાર્થ છે. જેનો આશય ખૂબ જ સ્પષ્ટ છે. રાગાદિથી અન્ય દ્વેષાદિસ્વરૂપ અત્યંત બળવાન(ઉત્કટ) કલેશ હોય તો રાગાદિ કલેશની શક્તિ અભિભૂત થાય છે. અર્થાદ્ એ વખતે રાગાદિ પોતાનું કાર્ય કરવા માટે સમર્થ થતા નથી. કારણ કે રાગના ઉદયે દ્વેષનો ઉદય થતો નથી અને દ્વેષના ઉદયે રાગનો ઉદય થતો નથી. પરસ્પર વિરુદ્ધ એવા રાગદ્વેષનો ઉદય એક સાથે થતો નથી. આ રીતે બીજા પણ સઙ્કલેશના વિષયમાં થતું હોય છે. આ કલેશો પ્રસુપ્ત નથી તેમ જ તનુ પણ નથી. પ્રબુદ્ધ અને પ્રબળ હોવા છતાં સ્વવિરોધી કલેશની અત્યંત પ્રબળતાને કારણે પોતાનું સામર્થ્ય અભિભૂત થાય છે-આ રીતે ત્રણેય કલેશોમાં જે

ભેદ છે-તે સમજી શકાય છે. ॥૨૫-૧૬॥

※ ※ ※

ઉદારકલેશનું સ્વરૂપ વર્ણવાય છે-

**सर्वेषां सन्निधिं प्राप्ता, उदाराः सहकारिणाम् ।**
**निर्वर्त्तयन्तः स्वं कार्यं, यथा व्युत्थानवर्त्तिनः ॥२५-१७॥**

''શ્લોકાર્થ સ્પષ્ટ છે કે સકલ સહકારીકારણોના સાન્નિધ્યને પામેલા અને વ્યુત્થાનવર્ત્તી દોષોની જેમ પોતાના કાર્યને કરનારા એવા ક્લેશોને 'ઉદાર' કહેવાય છે.''-આ પ્રમાણે સત્તરમા શ્લોકનો શબ્દશઃ અર્થ છે. કહેવાનું તાત્પર્ય એ છે કે વ્યુત્થાન નામનો દોષ હોય ત્યારે જેમ દોષો પોતાની પ્રવૃત્તિ કરવાની શરૂઆત કરી દે છે, તેમ જે ક્લેશોને પોતાનું કાર્ય કરવા માટે સકલ સહકારીકારણોનો યોગ પ્રાપ્ત થવાથી તે પોતાનું કાર્ય કરી લે છે તેવા ક્લેશોને ઉદાર કહેવાય છે. આમ પણ 'ઉદાર' શબ્દથી જ ક્લેશોની ઉત્કટ અવસ્થા જણાય છે. જે સ્વકાર્ય પૂર્ણપણે કરે છે તેને ઉદાર-પ્રશસ્ય કહેવાય છે. ક્લેશોની પ્રસુપ્તાદિ ચારે ય અવસ્થા હેય કોટિની છે. પાંચમી દગ્ધાવસ્થા (ક્ષયાવસ્થા) ઉપાદેય છે... ઈત્યાદિ અન્યત્ર અનુસંધેય છે. ॥૨૫-૧૭॥

※ ※ ※

પાંચ ક્લેશોનું વર્ણન કરાય છે-

**अविद्या चास्मिता चैव, रागद्वेषौ तथापरौ ।**
**पञ्चमोऽभिनिवेशश्च, क्लेशा एते प्रकीर्तिताः ॥२५-१८॥**

''અવિદ્યા, અસ્મિતા, રાગ, દ્વેષ અને પાંચમો અભિનિવેશ : આ પાંચ ક્લેશ જણાવાયા છે.''-આ પ્રમાણે આ અઢારમા શ્લોકથી ક્લેશોનો વિભાગ (નામમાત્રથી વર્ણન) કરાયો છે. પાતંજલયોગસૂત્રમાં (૨-૩માં) એ પ્રમાણે જણાવ્યું છે. અવિદ્યા અસ્મિતા રાગ દ્વેષ અને અભિનિવેશ-આ પાંચ ક્લેશ છે, જેનું સ્વરૂપ આગળ વર્ણવાશે. ॥૨૫-૧૮॥

* * *

અવિદ્યાદિ ચાર ક્લેશોનું સ્વરૂપ-વર્ણવાય છે-

**विपर्यासात्मिकाविद्यास्मिता दृग्दर्शनैकता ।**
**रागस्तृष्णा सुखोपाये द्वेषो दुःखाङ्गनिन्दनम् ॥२५-१९॥**

''વિપર્યાસસ્વરૂપ અવિદ્યા છે. દગ્-દર્શનની (પુરુષ-બુદ્ધિની) એકતા સ્વરૂપ અસ્મિતા છે. સુખના ઉપાયોની તૃષ્ણા સ્વરૂપ રાગ છે અને દુઃખનાં કારણોની નિંદા કરવા સ્વરૂપ દ્વેષ છે.''-આ પ્રમાણે ઓગણીસમા શ્લોકનો સામાન્ય અર્થ છે. કહેવાનો આશય એ છે કે અવિદ્યા-સ્વરૂપ ક્લેશ વિપર્યાસાત્મક છે. અતદ્માં તદ્નો જે ગ્રહ છે તેને વિપર્યાસ કહેવાય છે. જે, તે નથી તેને તે જાણવું... ઈત્યાદિ સ્વરૂપ વિપર્યાસ(મિથ્યાજ્ઞાન ભ્રમ), અવિદ્યાનું સ્વરૂપ છે. જેમ અનિત્ય એવા ઘટાદિમાં નિત્યત્વનો જે ગ્રહ થાય છે, અશુચિ એવી કાયામાં શુચિપણાનો જે ગ્રહ થાય છે, દુઃખસ્વરૂપ વિષયોમાં(રૂપાદિમાં) સુખરૂપતાનો

જે ગ્રહ થાય છે અને અનાત્મ(આત્માથી ભિન્ન)ભૂત શરીરાદિમાં આત્મત્વનું જે અભિમાન થાય છે, તે બધો ગ્રહ વિપર્યાસ છે; તેમ તાદશ કોઈ પણ પ્રકારનો વિપર્યાસ અવિદ્યાસ્વરૂપ છે. આ વસ્તુને જણાવતાં પાતંજલ યોગ-સૂત્રમાં (૨-૫માં) જણાવ્યું છે કે 'અનિત્ય, અશુચિ, દુઃખ અને અનાત્મમાં અનુક્રમે નિત્ય શુચિ સુખ અને આત્મ સ્વરૂપનો જે ગ્રહ થાય છે, તે અવિદ્યા છે. ઘટાદિની અનિત્યતા, શરીરની અપવિત્રતા, વિષયોની દુઃખરૂપતા અને શરીરની અનાત્મતા સર્વાનુભવસિદ્ધ છે. મોહાધીન આત્માઓ તેમાં(ઘટાદિમાં) વિપરીત ગ્રહ કરે છે, જે અવિદ્યાનું સ્વરૂપ છે.

દગ્ અને દર્શનની એકતા : એ અસ્મિતાસ્વરૂપ છે. દગ્ એટલે દ્રષ્ટા-પુરુષ(દગ્શક્તિ) અને દર્શન એટલે દર્શનશક્તિ-રજોગુણ અને તમોગુણથી અભિભૂત ન થયેલ સાત્ત્વિક પરિણામ છે જેનો એવી બુદ્ધિ(સત્ત્વગુણની પ્રધાનતાવાળું અંતઃકરણતત્ત્વ)ની એકતા સ્વરૂપ અસ્મિતા છે. આશય એ છે કે પુરુષતત્ત્વ અને બુદ્ધિતત્ત્વ તદ્દન જ ભિન્ન હોવા છતાં અવિદ્યાને કારણે એ બંન્નેમાં એકતા જેવો 'હું કર્ત્તા છું, ભોક્તા છું...' ઈત્યાદિ ગ્રહ થાય છે તે અસ્મિતા છે. વિવેકખ્યાતિની પ્રાપ્તિ પછી તેનો નાશ થાય છે. અસ્મિતાના કારણે જ પુરુષ પોતાને કર્ત્તા અને ભોક્તા માને છે. તેથી અનુક્રમે પુરુષ અને બુદ્ધિ ભોક્તા અને ભોગ્ય સ્વરૂપે અવસ્થિત છે. એ બંન્નેની એકતા અસ્મિતા

છે... ઈત્યાદિ સમજી લેવું જોઈએ. પાતંજલયોગસૂત્ર(૨-૬)માં જણાવ્યું છે કે દગ્દર્શનશક્તિઓની એકતા જેવો પરિણામ અસ્મિતા છે.

સુખના જાણકારનો સુખના અનુસ્મરણપૂર્વકનો સુખના સાધનને વિશે જે તૃષ્ણાસ્વરૂપ લોભનો પરિણામ છે, તેને રાગ કહેવાય છે; જે સર્વવિદિત છે. એનું સ્વરૂપ વર્ણવતાં પાતંજલયોગસૂત્ર(૨-૭)માં જણાવ્યું છે કે સુખના અનુભવ પછી અંતઃકરણમાં રહેલો અભિલાષા-સ્વરૂપ જે પરિણામ છે; તેને રાગ કહેવાય છે.

દુઃખના જાણકારનો દુઃખના સ્મરણપૂર્વકનો દુઃખના સાધનને વિશે જે નિંદાત્મક પરિણામ છે, તેને દ્વેષ કહેવાય છે. જેનું સ્વરૂપ વર્ણવતાં પાતંજલયોગસૂત્રમાં (૨-૮માં) જણાવ્યું છે કે દુઃખભોગની પછી અંતઃકરણમાં રહેલો જે દુઃખવિષયક ક્રોધ છે, તેને દ્વેષ કહેવાય છે... ઈત્યાદિ અન્યત્ર અનુસંધેય છે. ॥૨૫-૧૯॥

* * *

હવે અભિનિવેશક્લેશનું સ્વરૂપ વર્ણવાય છે-

**विदुषोऽपि तथारूढः, सदा स्वरसवृत्तिकः।**
**शरीराद्यवियोगस्याभिनिवेशोऽभिलाषतः ॥२५-२०॥**

''શરીરાદિના અવિયોગની અભિલાષાના કારણે વિદ્વાનોને પણ તેવા પ્રકારનો અનાદિકાળના અભ્યાસવાળો સદાને માટે અભિનિવેશ હોય છે.''-આ પ્રમાણે વીસમા

શ્લોકનો અર્થ છે. એનો આશય એ છે કે પૂર્વજન્મોમાં અનુભવેલા મરણના દુ:ખના અનુભવથી ઉત્પન્ન થયેલા સંસ્કારના બળથી ભયસ્વરૂપ અભિનિવેશ ઉત્પન્ન થાય છે. વિદ્વાન જાણે છે કે શરીરાદિ અનિત્ય છે, અવશ્ય જવાનું છે, રહેવાનું નથી. આમ છતાં મૂર્ખની જેમ તેને થાય છે કે 'મને શરીરાદિનો વિયોગ ન થાય.' આવા અધ્યવસાયનું મુખ્ય કારણ પૂર્વના તાદશ સંસ્કારો છે, જેથી ભયસ્વરૂપ એ અભિલાષ જન્મે છે. આવા સંયોગોમાં અનંતજ્ઞાનીઓ એને સમજાવે છે કે એ અભિલાષ ખોટો છે. શરીરાદિ આત્માથી ભિન્ન છે. આત્માને એની સાથે કોઈ સંબંધ નથી. એના વિયોગથી આત્માને કોઈ નુકસાન નથી... વગેરે સમજાવે તોય શરીરાદિના અવિયોગનો અભિનિવેશ જતો નથી. એ સદાને માટે નિરંતર સ્વરસવાહી (સ્વાભાવિક) છે. ઈચ્છા ન હોવા છતાં અનાદિકાલીન કુસંસ્કારોથી એ અભિનિવેશ થયા જ કરે છે. એ પ્રમાણે જણાવતાં પાતંજલયોગસૂત્રમાં(૨-૯માં) કહ્યું છે કે 'મૂર્ખની જેમ વિદ્વાનને પણ સ્વરસવાહી અભિનિવેશ હોય છે.' એનો આશય ઉપર જણાવ્યો છે. ॥૨૫-૨૦॥

* * *

કલેશોનું કાર્ય જણાવાય છે-

एभ्यः कर्माशयो दृष्टादृष्टजन्मानुभूतिभाक् ।<br>
तद्विपाकश्च जात्यायुर्भोगाख्यः सम्प्रवर्तते ॥२५-२१॥

''આ કલેશથી કર્માશય(શુભાશુભ કર્મ) થાય છે, જે આ જન્મ (દષ્ટ જન્મ) કે પરજન્મમાં (અદષ્ટ જન્મમાં) અનુભવાય છે અને તેના વિપાકસ્વરૂપે જન્મ, આયુષ્ય (જીવન) અને ભોગ પ્રવર્ત્તે છે અર્થાત્ તે સ્વરૂપ કર્મવિપાક પ્રવર્ત્તે છે.''-આ પ્રમાણે એકવીસમા શ્લોકનો અર્થ છે. એનું તાત્પર્ય સ્પષ્ટ છે કે પૂર્વે જણાવેલા અવિદ્યાદિ કલેશોથી કર્માશય ઉત્પન્ન થાય છે, જે આ જન્મ કે પરજન્મમાં અનુભવનો વિષય બને છે તેમ જ જન્મ આયુષ્ય અને ભોગ (વિષયોપભોગ)-ઈન્દ્રિયજન્ય સુખાદિના ભોગ સ્વરૂપ કર્મવિપાક પ્રવર્ત્તે છે. આ પૂર્વે સોળમી બત્રીશીમાં એ બધું વર્ણવ્યું છે. એનું અનુસંધાન અહીં કરવું જોઈએ.

॥૨૫-૨૧॥

* * *

કલેશના કારણે પ્રવર્ત્તતા કર્મવિપાકની અનિષ્ટતા જણાવાય છે. (કલેશથી કર્મવિપાક પ્રવર્ત્તે છે તેથી શું થયું ?-આ શંકાનું સમાધાન કરાય છે.)-

**परिणामाच्च तापाच्च, संस्काराद् द्विविधोऽप्ययम् ।**
**गुणवृत्तिविरोधाच्च, हन्त दुःखमयः स्मृतः ॥२५-२२॥**

''બંન્નેય પ્રકારના(શુભાશુભ) કર્મવિપાક, પરિણામના કારણે, તાપને લઈને, સંસ્કારને લીધે તેમ જ ગુણવૃત્તિના વિરોધે દુઃખમય મનાય છે.''-આ પ્રમાણે બાવીસમા શ્લોકનો સામાન્યાર્થ છે. કહેવાનો આશય એ છે કે

અવિદ્યાદિ ક્લેશના કારણે જે કર્મવિપાક શુભ કે અશુભ રૂપે પ્રવર્ત્તે છે; તે, પરિણામાદિના કારણે યોગીજનો માટે દુઃખમય છે.

પાતંજલયોગસૂત્ર(૨-૧૪)માં જણાવ્યું છે કે-'**ते ह्लादपरितापफला: पुण्यापुण्यहेतुत्वाद्**' અર્થાદ્ તે જાતિ આયુષ્ય અને ભોગ; પુણ્ય અને અપુણ્યના કારણે હોવાથી આલ્હાદ અને પરિતાપના ફળવાળા છે. એ મુજબ સૂત્રના **तद्** પદથી જાતિ આયુષ્ય અને ભોગનું ગ્રહણ હોવાથી તેના આલ્હાદ અને પરિતાપ સ્વરૂપ ફળને આશ્રયીને બે ભેદ છે. એ બંન્નેય પ્રકારના કર્માશયો, ઉપર જણાવ્યા મુજબ પરિણામાદિને લીધે દુઃખમય છે.

વિષયોના ભોગથી તેની આસક્તિ વધતી હોય છે, જેથી તે મુજબ વિષયોની પ્રાપ્તિ ન થાય તો તેને લીધે જે દુઃખ થાય છે તેને દૂર કરવાનું શક્ય બનતું નથી. જો વિષયની પ્રાપ્તિ થઈ જાય તો તેના જેવા બીજા ચઢિયાતા વિષયો પ્રાપ્ત કરવાની ઈચ્છાદિથી બીજા દુઃખની પ્રાપ્તિ થાય છે. આ રીતે દુઃખના અપરિહાર સ્વરૂપ પરિણામના કારણે અને દુઃખાંતરને ઉત્પન્ન કરવા સ્વરૂપ પરિણામના કારણે કર્મવિપાક(શુભકર્મવિપાક પણ) દુઃખમય છે.

સુખનાં સાધનોના ઉપભોગથી સુખના અનુભવ વખતે પણ કાયમ માટે તેના વિરોધી તત્ત્વ પ્રત્યે દ્વેષ હોવાથી તાદશ કર્મવિપાક દ્વેષસ્વરૂપ તાપથી દુઃખમય છે. સુખાનુભવકાળમાં પણ તેમાં વિઘ્નરૂપ થનારાદિને વિશે દ્વેષ

તો હોય છે જ. એકલો રાગ હોય અને દ્વેષ ન હોય એવું બનતું નથી. સુખાનુભવકાળમાં પણ તેના વિષયોનો નાશ થવાના ભયથી દુઃખ તો પડેલું જ છે. તદુપરાંત તેવા પ્રકારના સુખાનુભવમાં 'હું પાપી છું, મને ધિક્કાર છે...' ઈત્યાદિ સ્વરૂપ અનુતાપ પણ હોય છે. આથી સમજી શકાય છે કે તાપના(દ્વેષના) કારણે કર્મવિપાક દુઃખમય છે.

સંસ્કારથી પણ તાદશ કર્મવિપાક દુઃખમય છે. કારણ કે અનુકૂળ કે પ્રતિકૂળ વિષયોના સન્નિધાનમાં અનુક્રમે સુખનું સંવેદન અને દુઃખનું સંવેદન થશે, તેથી પાછા સુખાદિવિષયક સંસ્કાર અને સુખાદિવિષયક અનુભવની પરંપરા ચાલ્યા જ કરશે, જેથી સંસ્કારનો ઉચ્છેદ જ નહીં થાય અને તેથી ભવભ્રમણનો અંત જ નહીં થાય. આ રીતે સંસ્કારના કારણે પણ કર્મવિપાક દુઃખમય છે.

ગુણવૃત્તિવિરોધના કારણે પણ કર્મવિપાક દુઃખમય છે. સત્ત્વ રજસ્ અને તમસ્ ગુણોની વૃત્તિઓ અનુક્રમે સુખ, દુઃખ અને મોહ સ્વરૂપ છે. તે તે ગુણોના પ્રાધાન્યના કારણે તેનાથી અન્યગુણો અભિભૂત(અપ્રધાન-ગૌણ) બને છે. તેથી સુખાદિ સ્વરૂપ કાર્ય, કોઈ એક ગુણને લઈને થતું ન હોવાથી ત્રિગુણાત્મક છે. પરસ્પર અભિભાવ્ય-અભિભાવક(અપ્રધાન-પ્રધાન)સ્વરૂપે બધી વૃત્તિઓ થતી હોવાથી વિરોધવાળી છે. તેથી બધામાં દુઃખનો અનુવેધ તો છે જ. આ રીતે ગુણવૃત્તિવિરોધને લઈને પણ કર્મ-વિપાક, દુઃખમય અર્થાદ્ દુઃખૈકસ્વભાવવાળો છે. પાતંજલ

યોગસૂત્ર(૨-૧૫)માં એ વાતને જણાવતાં કહ્યું છે કે- 'પરિણામ, તાપ, સંસ્કાર અને ગુણવૃત્તિવિરોધને લઈને વિવેકી(મુમુક્ષુ) માટે બધું જ દુઃખરૂપ છે. ॥૨૫-૨૨॥

❊ ❊ ❊

પાતંજલદર્શનના મતે ક્લેશહાનિના ઉપાયના નિરૂપણનું સમાપન કરાય છે-

**इत्थं दृग्दृश्ययोगात्माऽऽविद्यको भवविप्लवः ।**
**नाशान्नश्यत्यविद्याया, इति पातञ्जला जगुः ॥२५-२३॥**

"આ પ્રમાણે પુરુષ અને બુદ્ધિના યોગ સ્વરૂપ ભવપ્રપઞ્ચ, અવિદ્યાના કારણે છે. અવિદ્યાના નાશથી તેનો નાશ થાય છે-એમ પાતઞ્જલોએ કહ્યું છે."-આ પ્રમાણે ત્રેવીસમા શ્લોકનો અર્થ છે. એનો આશય સ્પષ્ટ છે કે આ પ્રમાણે સમગ્ર સંસાર દુઃખસ્વરૂપ છે, જેનું કારણ વિવેક-અખ્યાતિપૂર્વકનો પુરુષ અને બુદ્ધિતત્ત્વનો સંયોગ છે. એ સંસારપ્રપઞ્ચ અવિદ્યાથી નિર્મિત છે, જેનો નાશ; અવિદ્યાના નાશથી થાય છે. અવિદ્યાનો નાશ થયે છતે અવિદ્યાના કાર્યભૂત દગ્દૃશ્યસંયોગનો નાશ થાય છે અને તેથી તાદૃશ સંયોગના કાર્ય સ્વરૂપ ભવપ્રપઞ્ચનો નાશ ઉપપન્ન બને છે-એમ પાતંજલો કહે છે. પુરુષ અને બુદ્ધિતત્ત્વમાં સર્વથા ભેદ હોવા છતાં તેમાં અભેદનો જે ગ્રહ છે તેને વિવેકાખ્યાતિ (વિવેક-અખ્યાતિ) કહેવાય છે... ઈત્યાદિ વિચારવું જોઈએ. ॥૨૫-૨૩॥

❊ ❊ ❊

પાતઞ્જલોની માન્યતામાં દોષ જણાવાય છે-

**नैतत् साध्वपुमर्थत्वात्, पुंसः कैवल्यसंस्थितेः ।**
**क्लेशाभावेन संयोगाजन्मोच्छेदो हि गीयते ।।२५-२४।।**

"આ પતઞ્જલિએ જણાવેલ સિદ્ધાંત યુક્ત નથી. કારણ કે પુરુષની કૈવલ્યાવસ્થા સદા માટે હોવાથી તે પુરુષાર્થનો વિષય નથી. કલેશનો અભાવ હોવાથી સંયોગનો અજન્મ જ ઉચ્છેદ કહેવાય છે."-આ પ્રમાણે ચોવીસમા શ્લોકનો સામાન્યાર્થ છે. કહેવાનું તાત્પર્ય એ છે કે પાતઞ્જલોના મતે અનાદિકાળથી પુરુષ પોતાના શુદ્ધ સ્વરૂપ-કૈવલ્યમાં સંસ્થિત છે. તેથી તે સ્વભાવસિદ્ધ અવસ્થા પ્રયત્નથી સાધ્ય નથી. કારણ કે પુરુષમાં કલેશનો અભાવ નિસર્ગથી જ હોવાથી અવિદ્યાથી ઉત્પન્ન થનારો જે બુદ્ધિનો સંયોગ છે તે સ્વયં જ નિવૃત્ત હોય છે, તેની અનુત્પત્તિ સ્વરૂપ જ તેનો ઉચ્છેદ કહેવાય છે. એ સંયોગની અનુત્પત્તિ સ્વરૂપ જ પુરુષનું કૈવલ્ય વર્ણવાય છે. તેથી મૂર્ત્ત ઘટાદિ દ્રવ્યોની જેમ સંયોગનો પરિત્યાગ પુરુષમાં ઉચિત નથી. કારણ કે 'પુરુષનો બુદ્ધિની સાથે સંયોગ, અવિદ્યાના કારણે થાય છે અને વિવેકખ્યાતિના કારણે તેનો પરિત્યાગ થાય છે.'-આમ માનવાથી પુરુષના કૂટસ્થત્વની હાનિ થવાનો પ્રસઙ્ગ આવશે. આ પ્રમાણે પાતઞ્જલોની માન્યતા છે. નાશ ન પામે અને ઉત્પન્ન ન થાય એવી સ્થિરૈકસ્વભાવવદ્ વસ્તુને કૂટસ્થ કહેવાય છે, જેમાં તલના ફોતરાના ત્રીજા ભાગ જેટલું પણ પરિવર્તન મનાતું નથી.

આ વાતને જણાવતાં પાતઞ્જલયોગસૂત્ર(૨-૨૫)માં કહ્યું છે કે 'પૂર્વે વર્ણવેલી અવિદ્યાના અભાવથી પુરુષ અને બુદ્ધિના સંયોગનો અભાવ હોય છે, તેને હાન કહેવાય છે. તે હાન જ જ્ઞાનસ્વરૂપ પુરુષનો કૈવલ્યસ્વરૂપ મોક્ષ છે.' વગેરે અન્યત્ર અનુસંધેય છે. ॥૨૫-૨૪॥

* * *

ઉપર જણાવેલી વાતને સ્પષ્ટ કરાય છે. આશય એ છે કે પાતઞ્જલોના મતે પુરુષાર્થ સઙ્ગત થતો નથી... વગેરે જે જણાવ્યું છે, તેનું કારણ જણાવાય છે-

**तात्त्विको नात्मनो योगो, ह्येकान्तापरिणामिनः ।**
**कल्पनामात्रमेवं च, क्लेशास्तद्धानमप्यहो ॥२५-२५॥**

"પરમાર્થથી, એકાંતે અપરિણામી એવા આત્માનો બુદ્ધિની સાથે યોગ(સંબંધ) ઘટતો નથી અને તેથી ક્લેશો અને તેની હાનિ માત્ર કલ્પના છે."-આ પ્રમાણે પચ્ચીસમા શ્લોકનો અર્થ છે. કહેવાનો આશય સ્પષ્ટ છે કે આત્માને સર્વથા અપરિણામી માનવાના કારણે તાત્ત્વિક રીતે આત્માની સાથે બુદ્ધિનો સંબંધ સઙ્ગત થતો નથી. કારણ કે આત્મા પરિણમનશીલ નથી. તેથી તાદૃશ સંબંધના કારણ તરીકે અવિદ્યાદિ ક્લેશની કલ્પના અને તેની વિવેકખ્યાતિથી હાનિની કલ્પના પણ કલ્પનામાત્ર છે, વાસ્તવિક નથી.-એ આશ્ચર્યની વાત છે.

યદ્યપિ બુદ્ધિના ઔપચારિક સંબંધાદિ આત્મામાં

(પુરુષમાં) થઈ શકે છે પરંતુ આ રીતે ઔપચારિક ભવપ્રપઞ્ચ તો, પ્રકૃતિમાં એ માન્યા વિના પણ અવિદ્યા-માત્રના કારણે બૌદ્ધ અને વેદાંતીના મત મુજબ વર્ણવી શકાય છે. પ્રકૃતિ જડ હોવાથી અને પુરુષ અપરિણામી હોવાથી પ્રકૃતિમાં ભવપ્રપઞ્ચનો સંભવ નથી. તેથી તેના પ્રપંચનો ઉપચાર, પુરુષમાં સંભવિત નથી. અન્યત્ર પ્રસિદ્ધનો અન્યત્ર ઉપચાર કરાય છે. અપ્રસિદ્ધનો ઉપચાર કરાતો નથી. આ રીતે વાસ્તવિક રીતે પાતઞ્જલ-મતમાં ભવપ્રપઞ્ચ જ અસિદ્ધ છે. તેથી સંસાર, તેનાં કારણ તેમ જ સંસારનો ઉચ્છેદ અને તેનાં કારણ : બધું જ પાતઞ્જલોના મતમાં કાલ્પનિક બને છે... ઈત્યાદિ વ્યવસ્થિત રીતે સમજી લેવું જોઈએ. ॥૨૫-૨૫॥

* * *

કાલ્પનિક જ હોવાથી પાતઞ્જલમતને અને બીજા મતને પણ આ રીતે દૂષિત જણાવાય છે-

**नृपस्येवाभिधानाद् यः, सातबन्धः प्रकीर्त्तितः ।**
**अहिशङ्काविषज्ञानाच्चेतरोऽसौ निरर्थकः ॥२५-२६॥**

"રાજાની જેમ કહેવાથી શાતાવેદનીયકર્મનો બંધ અને સર્પની આશઙ્કાથી થયેલા વિષજ્ઞાનથી અશાતાનો બંધ કહેવાય છે, એ નિરર્થક છે."-આ પ્રમાણે છવ્વીસમા શ્લોકનો અક્ષરાર્થ છે. એનો આશય એ છે કે કોઈને 'આ રાજા છે'-આ પ્રમાણે કહેવાથી તેને જેમ સુખના સંબંધ

સ્વરૂપ શાતાવેદનીયનો બંધ થાય છે તેમ સર્વથા(એકાંતે) નિત્ય આત્માને પણ સુખ થાય છે. તેમ જ સર્પ કરડ્યો ન હોવા છતાં સામાન્ય બીજા કોઈ જંતુવિશેષના કરડવાના પ્રસઙ્ગે સર્પ કરડવાની આશઙ્કાથી વિષની બાધાના જ્ઞાનને લઈને દુ:ખના સંબંધ સ્વરૂપ અશાતાવેદનીયનો બંધ થાય છે-આ પ્રમાણે પાતઞ્જલો દ્વારા અને સાઙ્ખ્યો દ્વારા જે કહેવાય છે, એ નિરર્થક છે. કારણ કે કલ્પનામાત્રથી અર્થની સિદ્ધિ થતી જ નથી.

યદ્યપિ ઉપર જણાવેલા ઉદાહરણથી કોઈ અર્થની સિદ્ધિ કરવાની નથી. 'ચેતન એવી હું કરું છું...' ઈત્યાદિ સ્વરૂપ, પ્રકૃતિમાં જે અભિમાન છે તે જણાવવામાત્રનો જ એ ઉદાહરણનો આશય છે. એ અભિમાનની નિવૃત્તિ કરવા માટે જ સકળ શાસ્ત્રોના અર્થનો ઉપયોગ છે. તત્ત્વાર્થની સિદ્ધિ(નિશ્ચય) માટે ઉપચારનો આશ્રય કરવામાં કોઈ દોષ નથી. કારણ કે ઔપચારિક દૃષ્ટાંતનો આશ્રય લઈને પારમાર્થિક વસ્તુની સિદ્ધિ થવામાં કોઈ દોષ નથી. પરંતુ આ પ્રમાણે માનવાનું ઉચિત નથી. કારણ કે તત્ત્વસ્વરૂપ અર્થ તો ચિત્સ્વરૂપ આત્મા છે. એ જેમ સંસારમાં વિષયનો પરિચ્છેદ કરે છે, તેમ મુક્તાવસ્થામાં પણ તેને વિષયનો પરિચ્છેદ કરનાર તરીકે માનવાનો પ્રસઙ્ગ આવશે. કારણ કે જ્ઞાનત્વની જેમ સવિષયકત્વ(વિષયને ગ્રહણ કરવું તે) પણ જ્ઞાનનો સ્વભાવ છે.

[illegible] મુક્તાવસ્થામાં અંત:કરણ ન હોવાથી જ્ઞાન

હોવા છતાં વિષયનો પરિચ્છેદ થતો નથી. આ પ્રમાણે કહી શકાય છે; પરંતુ નિરાવરણ જ્ઞાનમાં અંતઃકરણ હેતુ ન હોવાથી; મુક્તાવસ્થામાં વિષયપરિચ્છેદ, અંતઃકરણ ન હોવાથી થતો નથી-એ પ્રમાણે કહી શકાય એવું નથી. 'દિદક્ષા(જોવાની ઈચ્છા) ન હોવાથી મુક્તાવસ્થામાં વિષય-પરિચ્છેદ થતો નથી.' એ પ્રમાણે પણ કહી શકાય એવું નથી. કારણ કે દિદક્ષાના અભાવમાં પણ નિરાવરણજ્ઞાનથી વિષયનું દર્શન થયા વિના નહીં રહે. બદ્ધાવસ્થામાં પ્રકૃતિ-જન્ય જ્ઞાન, સવિષયકત્વસ્વભાવવાળું હોય છે અને મુક્તાવસ્થામાં જ્ઞાન, પ્રકૃતિજન્ય ન હોવાથી નિર્વિષયકત્વ-સ્વભાવવાળું હોય છે-આ પ્રમાણે જ્ઞાનના સ્વભાવભેદ માનવાનું યુક્ત નથી. કારણ કે આ રીતે ક્રમિક બે સ્વભાવની કલ્પનાથી આત્માના કૂટસ્થત્વની હાનિ થાય છે. 'તેથી જ્ઞાનનો અવિષયકત્વ(નિર્વિષયકત્વ) એક સ્વભાવ જ માનવો જોઈએ'-આ કહેવું યુક્ત નથી. કારણ કે આત્માના ચૈતન્યમાં અવિષયકત્વસ્વભાવની જેમ સવિષયકત્વ-સ્વભાવની કલ્પના કરવામાં પણ કોઈ બાધક નથી... ઈત્યાદિ વિચારવું.

યદ્યપિ આત્માના કૌટસ્થ્યની(અપરિણામિતાની) હાનિ થાય છે. તેથી તે બાધક હોવાથી આત્મચૈતન્યમાં નિર્વિષયકત્વ એક સ્વભાવ જ મનાય છે. પરંતુ તાદશ નિર્વિષયકત્વસ્વભાવ માની શકાય એમ નથી, તે किं च... ઈત્યાદિ ગ્રંથથી જણાવાય છે.

કહેવાનો આશય એ છે કે વિવેક-અખ્યાતિસ્વરૂપ પ્રકૃતિ(બુદ્ધિ)-પુરુષનો સંયોગ છે.(સંસાર છે.) તે સંયોગનો અભાવ (વિવેક-અખ્યાતિનો અભાવ) મોક્ષ છે, જે વિવેકખ્યાતિસ્વરૂપ છે. પુરુષમાં જે પ્રકૃતિનો ભેદ છે, તે વિવેક છે. તેનું જ્ઞાન(ખ્યાતિ) વિવેકખ્યાતિ છે. આ રીતે વિવેકખ્યાતિમાં(મોક્ષાવસ્થામાં) ભેદના પ્રતિયોગી(જેનો ભેદ છે તે)સ્વરૂપે પ્રકૃતિ વગેરે તત્ત્વોનું જ્ઞાન છે. તેથી પોતાના-(પાતંજલાદિના) સિદ્ધાંતથી જ વિષયને ગ્રહણ કરનાર ચૈતન્યની સિદ્ધિ હોવાથી મોક્ષાવસ્થામાં પણ નિર્વિષયક ચૈતન્યમાત્ર તત્ત્વાર્થની સિદ્ધિ થતી નથી. આથી જ એ પ્રમાણે જણાવતાં પૂ.આ.ભ.શ્રી. હરિભદ્ર સૂ. મહારાજાએ યોગબિંદુમાં (૪૫૭) ફરમાવ્યું છે કે-'આત્મદર્શનથી જ મુક્તિ થાય છે : આ પ્રમાણે જે શાસ્ત્ર-સિદ્ધાંતથી સિદ્ધ થાય છે, તે કારણે મોક્ષદશામાં તે શાસ્ત્રનીતિથી જ વિષયને ગ્રહણ (પ્રકૃત્યાદિને ગ્રહણ) કરનાર જ્ઞાનનો સદ્‌ભાવ સિદ્ધ થાય છે.'

યદ્યપિ વિવેકખ્યાતિ પણ સાઙ્ખ્યાદિના મતે અંતઃકરણનો ધર્મ હોવાથી એ અંતઃકરણ પ્રકૃતિમાં વિલીન થયે છતે મુક્તાવસ્થામાં વિવેકખ્યાતિસ્વરૂપ ધર્મની સ્થિતિ રહેતી નથી. ધર્મી ન હોય તો ધર્મ પણ ન હોય-એ સમજી શકાય છે. ''આ રીતે વિવેકખ્યાતિનો અભાવ માનવામાં આવે તો; સંયોગાભાવનો અભાવ થવાથી જેમ સંયોગ થાય છે તેમ વિવેકાખ્યાતિ-પ્રકૃતિ પુરુષનો સંયોગ-થશે''-

આ પ્રમાણે કહેવું બરાબર નથી. કારણ કે નૈયાયિકોના મતમાં જેમ ઘટાદિની ઉત્પત્તિ થવાથી ઘટાદિનો પ્રાગભાવ (ઉત્પત્તિ પૂર્વેનો અભાવ) નાશ પામે છે અને જ્યારે એ ઘટનો નાશ થાય છે, ત્યારે ઘટાદિના પ્રાગભાવનું ઉન્મજ્જન (પાછી ઉત્પત્તિ) થતું નથી. તેમ અંતઃકરણના વિલય પછી વિવેકાખ્યાતિનું ઉન્મજ્જન થતું નથી. આથી સમજી શકાશે કે પ્રકૃતિના જ સંયોગની તત્ત્વતઃ હાનિ થાય છે. આત્મામાં તો ઉપચારથી જ તે જણાવાય છે. તેથી 'મોક્ષમાં વિવેકખ્યાતિ હોવાથી આત્મચૈતન્યમાં સવિષયકત્વ સિદ્ધ જ છે'-આવો જે ઉપાલંભ પૂ. આચાર્યભગવંતશ્રીએ સાઙ્ખ્યાદિને આપ્યો છે તે ઉચિત નથી.

પરંતુ ઉપચાર પણ ત્યાં કરાય છે કે જ્યાં જેમાં જેમાંનો ઉપચાર કરવાનો હોય છે, ત્યાં તે બંન્નેનો તાત્ત્વિક સંબંધ હોય. અન્યથા એવો તાત્ત્વિક સંબંધ ન હોય તો ય ઉપચાર કરવામાં આવે તો ગમે તેનો ગમે તેમાં ઉપચાર કરી શકાશે. પ્રકૃતિની વિવેકખ્યાતિનો ઉપચાર પુરુષમાં કરાય છે, પરંતુ પ્રકૃતિની સાથે કોઈ જ તાત્ત્વિક સંબંધ નથી અને તેથી વિવેકખ્યાતિ(સંયોગોચ્છેદ) વગેરેની સાથે પણ કોઈ તાત્ત્વિક સંબંધ નથી. ઉપચાર વ્યાપ્ય છે અને વિવેકખ્યાતિનો સંબંધ (તાત્ત્વિક સંબંધ) વ્યાપક છે. વ્યાપકનો અભાવ હોય ત્યાં વ્યાપ્યનું અસ્તિત્વ (વહ્ન્યભાવના અધિકરણમાં ધૂમ ન હોય) ન હોય. આથી સ્પષ્ટ છે કે ઉપચારને કરવા માટે તેના વ્યાપકસ્વરૂપે સંબંધને

પણ તાત્ત્વિકસ્વરૂપે માનવો પડશે. અને તેથી 'આત્મામાં-(પુરુષમાં) માત્ર ચૈતન્ય છે-'આ માન્યતાનો ત્યાગ કરવાનો પ્રસઙ્ગ આવશે. કારણ કે આત્મામાં પ્રકૃતિગત વિવેકખ્યાતિનો સંબંધ પણ છે. "આ રીતે પ્રકૃતિગત વિવેકખ્યાતિનો-(પ્રકૃતિ-પુરુષના સંયોગાભાવનો) પુરુષમાં ઉપચાર કરવા માટે તાત્ત્વિક સંબંધ માની લઈએ તો પુરુષના કૂટસ્થત્વાદિ સિદ્ધાંતની હાનિ થાય છે. તેથી તાદશ સંબંધ નથી મનાતો"-આ પ્રમાણે નહીં કહેવું જોઈએ, કારણ કે મુક્તાવસ્થામાં સર્વજ્ઞત્વસ્વભાવનો પરિત્યાગ થાય છે... ઈત્યાદિ કથન પોતાના તેવા પ્રકારના સંસ્કારનો વિલાસ છે. વસ્તુસ્થિતિ જોઈને એ કથન કર્યું નથી... આ પ્રમાણે યોગબિંદુકાર શ્રીમદ્ હરિભદ્રસૂરીશ્વરજી મહારાજાનો આશય હોવાથી તેઓશ્રીએ આપેલો ઉપાલંભ ઉચિત જ છે... ઈત્યાદિ યોગબિંદુ વગેરેથી જાણી લેવું જોઈએ.

॥૨૫-૨૬॥

❊ ❊ ❊

આ રીતે પાતઞ્જલાદિને અભિમત કલેશહાનિના ઉપાયનું નિરાકરણ કરીને હવે નૈયાયિકાદિ તાર્કિકાભિમત તેનું (કલેશહાનિના ઉપાયનું) નિરાકરણ કરવા માટે તેમના મતનું નિરૂપણ કરાય છે-

**पुरुषार्थाय दुःखेऽपि, प्रवृत्तेर्ज्ञानदीपतः ।**
**हानं चरमदुःखस्य, क्लेशस्येति तु तार्किकाः ॥२५-२७॥**

''જ્ઞાનદીપકથી પુરુષાર્થ માટે દુઃખમાં પણ પ્રવૃત્તિ થતી હોવાથી ચરમદુઃખસ્વરૂપ ક્લેશની હાનિ થાય છે : એમ તાર્કિકો કહે છે.''-આ પ્રમાણે સત્તાવીસમા શ્લોકનો અર્થ છે. એનો આશય એ છે કે પ્રમાણ પ્રમેય સંશય પ્રયોજન... વગેરે પદાર્થોના તત્ત્વજ્ઞાન સ્વરૂપ દીપકથી અજ્ઞાનસ્વરૂપ અંધકારનો નાશ થવાથી, પોતે ઉત્પન્ન કરેલા ચરમદુઃખસ્વરૂપ ક્લેશની હાનિ થાય છે-એમ તાર્કિકો કહે છે. 'દુઃખ તો કોણ ઉત્પન્ન કરે ?' આવી શઙ્કા કરવી ના જોઈએ. કારણ કે રાજાની નોકરી વગેરે દુઃખો, અર્થ અને કામાદિ પુરુષાર્થ માટે ઊભા કરાતાં દેખાય જ છે.

અતીતકાળનાં દુઃખો તો પોતે જ નષ્ટ થયેલાં છે. અનાગતદુઃખોનો ત્યાગ શક્ય નથી. વર્તમાનદુઃખનો નાશ તો તેના વિરોધી ગુણના પ્રાદુર્ભાવથી જ થઈ જાય છે. આથી ચરમદુઃખને જાતે ઉત્પન્ન કરીને તેના નાશ માટે જ ખરેખર પુરુષાર્થ કરવો જોઈએ... આ પ્રમાણે નૈયાયિકાદિ તાર્કિકોના કથનનું તાત્પર્ય છે. ॥૨૫-૨૭॥

* * *

તાર્કિકોના મતમાં દૂષણ જણાવાય છે-

**ब्रूते हंत विना कश्चिददोऽपि न मदोद्धतम् ।**
**सुखं विना न दुःखार्थं, कृतकृत्यस्य हि श्रमः ॥२५-२८॥**

''મદ(અહંકાર)થી ઉદ્ધત(વ્યાપ્ત) થયેલા માણસ વિના બીજો કોઈ પણ આ (પૂર્વે જણાવેલું) વચન બોલે

નહીં. કારણ કે સુખ વિના દુ:ખ માટે કોઈ કૃતાર્થ માણસ પરિશ્રમ કરતો નથી.''-આ પ્રમાણે અઠાવીસમા શ્લોકનો સામાન્યાર્થ છે. તેનું તાત્પર્ય સ્પષ્ટ છે કે દુ:ખને ઉત્પન્ન કરીને તેના નાશ માટે પુરુષાર્થ કરવાનું જે વચન છે, તે મદોન્મત્તને છોડીને બીજો કોઈ જ બોલે નહીં. કારણ કે જે થોડુંઘણું પણ દુ:ખ ઉત્પન્ન કરાય છે, તે સુખ માટે ઉત્પન્ન કરાય છે. રાજાની સેવા વગેરેમાં પણ જે દુ:ખ ભોગવાય છે તે અર્થસાધ્ય સુખ માટે છે અને અનિષ્ટ કડવા વગેરે ઔષધપાનાદિમાં પણ જે દુ:ખો ભોગવાય છે તે પણ આરોગ્યસાધ્ય આગામી કાળના સુખ માટે છે. જો સુખના અર્થે દુ:ખની પ્રવૃત્તિ ન હોય તો વિવેકીજન દુ:ખથી મુક્ત બનવા મરણાદિમાં પણ પ્રવૃત્તિ કરે. 'અમારે ત્યાં (નૈયાયિકાદિના મતમાં) પણ મોક્ષના સુખ માટે મુમુક્ષુ ચરમદુ:ખને ઉત્પન્ન કરશે'-આ પ્રમાણે કહી શકાય એવું નથી. કારણ કે તમારે ત્યાં(નૈયાયિકાદિના મતમાં) મોક્ષમાં સુખ મનાતું નથી. તેથી સઘળોય પ્રયાસ વ્યર્થ છે.

||૨૫-૨૮||

* * *

'દુ:ખાત્યન્તાભાવસ્વરૂપ જ મોક્ષમાં સુખ છે, તેને પ્રાપ્ત કરવા માટે તત્ત્વજ્ઞાનથી ચરમદુ:ખને ઉત્પન્ન કરી શકાય છે.'-આ વાતનું નિરાકરણ किं च... ઈત્યાદિ ગ્રંથથી કરાય છે. અર્થાત્ તત્ત્વજ્ઞાનથી ચરમદુ:ખ જન્ય નહીં બની શકે. કારણ કે તત્ત્વજ્ઞાનનિષ્ઠજનકતાનિરૂપિત-

જન્યતાવચ્છેદક ચરમદુ:ખત્વને માની શકાશે નહિ... ઈત્યાદિ જણાવાય છે-

**चरमत्वं च दुःखत्वव्याप्या जाति र्न जातितः ।**
**तच्छरीरप्रयोज्यातः, सांकर्यान्नान्यदर्थवत् ॥२५-२९॥**

"ચરમત્વ દુ:ખત્વની વ્યાપ્ય જાતિ નથી. કારણ કે તત્શરીરપ્રયોજ્ય એવી જાતિને લીધે સાંકર્ય આવે છે. ચરમત્વને બીજા કોઈ સ્વરૂપે માનવાનું અર્થહીન છે.'-આ પ્રમાણે ઓગણત્રીસમા શ્લોકનો અર્થ છે. કહેવાનું તાત્પર્ય એ છે કે નૈયાયિકાદિની માન્યતાનુસાર 'તત્ત્વજ્ઞાનથી જન્ય ચરમદુ:ખ છે. જનકતા તત્ત્વજ્ઞાનમાં છે અને જન્યતા ચરમદુ:ખમાં છે. અનુક્રમે તેના અવચ્છેદક તત્ત્વજ્ઞાનત્વ અને ચરમદુ:ખત્વ(ચરમત્વ) છે. જનકતાદિના ગૌણ સમનિયત ધર્મને જનકતાદિના અવચ્છેદક કહેવાય છે, જે લઘુભૂત અનતિપ્રસક્ત ધર્મ સ્વરૂપ હોય છે. એ ધર્મો બહુલતયા જાતિસ્વરૂપ હોય છે.

અહીં તત્ત્વજ્ઞાનનિષ્ઠજનકતાનિરૂપિતજન્યતા ચરમદુ:ખમાં છે અને જન્યતાવચ્છેદક તરીકે ચરમદુ:ખત્વને અર્થાત્ ચરમત્વને વર્ણવાય છે. પરંતુ ચરમત્વને, તે દુ:ખત્વ-વ્યાપ્ય (દુ:ખત્વના અધિકરણની અપેક્ષાએ અલ્પ અધિકરણમાં રહેનાર)જાતિ ન હોવાથી, જન્યતાવચ્છેદક માની શકાશે નહિ. કારણ કે તત્શરીર-પ્રયોજ્ય જાતિને આશ્રયીને સાંકર્ય નામનો દોષ આવે છે. પરસ્પરના અભાવનું સામાનાધિકરણ્ય (તાદશ અભાવવદ્‌માં વૃત્તિ) હોય અને

પરસ્પરનું સામાનાધિકરણ્ય (અર્થાદ્ એકાધિકરણમાં ઉભયવૃત્તિ) હોય ત્યારે સાંકર્ય આવે છે. ભૂતત્વાભાવના અધિકરણ મનમાં મૂર્તત્વ વૃત્તિ છે અને મૂર્તત્વાભાવના અધિકરણ આકાશમાં ભૂતત્વ વૃત્તિ છે અને એકાધિકરણ પૃથ્વી વગેરેમાં ભૂતત્વ અને મૂર્ત્તત્વ : બંન્ને વૃત્તિ છે.(રહે છે.) સામાન્યથી એકબીજાને છોડીને રહેતા હોય અને બંન્ને સાથે રહેતા હોય ત્યાં સાંકર્ય મનાય છે. સાંકર્યસ્થળે બંન્ને જાતિ મનાતી નથી. બેમાંથી કોઈ એક પ્રમાણસિદ્ધ જાતિ મનાય છે... ઈત્યાદિ અધ્યાપક પાસે બરાબર સમજી લેવું.

પ્રકૃત સ્થળે મૈત્રના ચરમ સુખમાં દુ:ખત્વને છોડીને ચરમત્વ વૃત્તિ છે અને ચૈત્રના અચરમ દુ:ખમાં ચરમત્વને છોડીને દુ:ખત્વ વૃત્તિ છે. તેમ જ ચૈત્રના ચરમદુ:ખમાં ચરમત્વ અને દુ:ખત્વ : બંન્ને વૃત્તિ છે. તેથી ચરમત્વ જાતિ નથી. યદ્યપિ ચૈત્રાદિ તે તે વ્યક્તિના શરીરમાં રહેનારા ચરમ સુખ-દુ:ખાદિમાં રહેનારી ચરમત્વ જાતિઓ જુદી જુદી હોવાથી ઉપર જણાવ્યા મુજબ સાંકર્ય આવતું નથી. પરંતુ એવી ચરમત્વ અનેક જાતિઓ માનવાથી સુખત્વાદિ જાતિને લીધે સાંકર્ય સ્પષ્ટ છે. કારણ કે ચૈત્રસંબંધી અચરમ સુખમાં અને દુ:ખમાં અનુક્રમે ચરમત્વ અને સુખત્વ નથી અને ચૈત્રના ચરમસુખમાં ચરમત્વ તેમ જ સુખત્વ : બંન્ને છે. તેથી ચરમત્વને જાતિ માનવાનું શક્ય નથી.

યદ્યપિ ચરમત્વ, જાતિસ્વરૂપ ન હોય તો ય 'સ્વ-સમાનાધિકરણદુ:ખપ્રાગભાવાસમાનકાલીનત્વ સ્વરૂપ બીજું

ચરમત્વ માની શકાય છે. પોતાના(ચરમ દુઃખના) અધિકરણમાં રહેનાર દુઃખપ્રાગભાવના કાળમાં જે દુઃખ હોતું નથી, તે દુઃખમાં ચરમત્વ છે. જે દુઃખની ઉત્પત્તિ થયા પછી ભવિષ્યમાં દુઃખની ઉત્પત્તિ થવાની નથી તે દુઃખ, સમાનાધિકરણ(સ્વસમાનાધિકરણ)દુઃખપ્રાગભાવાસમાનકાલીન છે અને એમાં સમાનાધિકરણદુઃખપ્રાગભાવાસમાનકાલીનત્વ સ્વરૂપ ચરમત્વ રહે છે, જે તત્ત્વજ્ઞાનનિષ્ઠ જનકતાનિરૂપિતજન્યતા(ચરમદુઃખનિષ્ઠજન્યતા)નું અવચ્છેદક છે-એમ માની શકાય છે. પરંતુ એ કહેવાનું ઉચિત નથી. કારણ કે આવા ચરમત્વને તાદશ જન્યતાવચ્છેદક માનવાની જરૂર નથી. જે દુઃખ ઉત્પન્ન થયા પછી દુઃખપ્રાગભાવના અભાવે બીજું દુઃખ ઉત્પન્ન થતું નથી તે દુઃખ આપોઆપ જ ચરમ(છેલ્લું) થઈ જાય છે. અર્થાત્ એ માટે તત્ત્વજ્ઞાનને ચરમદુઃખના જનક માની તેનાથી ચરમદુઃખને જન્ય માનવાની જરૂર નથી. ચરમદુઃખ તો તેની મેળે કારણસામગ્રીથી જ થઈ શકે છે.

યદ્યપિ પોતાની કારણસામગ્રીથી ચરમદુઃખની ઉત્પત્તિની અવ્યવહિત પૂર્વે તત્ત્વજ્ઞાન વૃત્તિ હોવાથી તત્ત્વજ્ઞાનજન્યત્વ પણ ચરમદુઃખમાં માનવું જોઈએ, પરંતુ એ રીતે તો કાર્ય-ઘટાદિમાં જેટલા ધર્મો છે તે બધાને જ કાર્યતાવચ્છેદક માનવાનો પ્રસઙ્ગ આવશે. કોઈ ઘટ ચૈત્રથી જોવાયેલ (ચૈત્રાવલોકિત) હોય તેમ જ તે મૈત્રથી બનાવેલ હોય (મૈત્રનિર્મિત હોય) એવા ઘટમાં ચૈત્રાવલોકિતત્વ અને

મૈત્રનિર્મિતત્વ... ઈત્યાદિ ધર્મો હોવાથી તત્તદ્દ્ઘટાદિ-નિષ્ઠ-જન્યતા(દંડાદિ-નિષ્ઠ-જનકતા-નિરૂપિત તાદશજન્યતા)ના અવચ્છેદક તરીકે બધાને માનવા પડશે. અને તેથી 'આ ઘડામાં જ આટલા ધર્મો રહ્યા બીજામાં કેમ નહીં ? આ ઘડામાં આટલા જ ધર્મો રહ્યા બીજા કેમ નહીં ?... ઈત્યાદિ પ્રશ્નોના સમાધાનમાં તથાપ્રકારની નિયતિ-(સ્વભાવ, ભવિતવ્યતા)નો ઉલ્લેખ કરવો પડશે. જેથી કથંચિદ્ તેનો સ્વીકાર કરવાથી સ્યાદ્વાદનો આશ્રય કરવાની અને એકાંતે તેનો સ્વીકાર કરવાથી સ્વભાવવાદનો આશ્રય કરવાની આપત્તિ આવશે... ઈત્યાદિ અન્યત્રથી સમજી લેવું જોઈએ. ॥૨૫-૨૯॥

* * *

આ રીતે અન્યમતમાં દૂષણો બતાવવા દ્વારા નિશ્ચિત થયેલા સ્વમતને દર્શાવવા જણાવાય છે-

**सुखमुद्दिश्य तद् दुःखनिवृत्त्या नान्तरीयकम् ।**
**प्रक्षयः कर्मणामुक्तो, युक्तो ज्ञानक्रियाध्वना ॥२५-३०॥**

''તેથી (અન્યમતોમાં દોષો હોવાથી), દુઃખનિવૃત્તિની સાથે સંબદ્ધ એવા સુખને ઉદ્દેશીને, જ્ઞાન અને ક્રિયા માર્ગે કર્મોનો ક્ષય કરવો-એ પ્રમાણે યુક્ત કહ્યું છે.''-આ પ્રમાણે ત્રીસમા શ્લોકનો અક્ષરાર્થ છે. એનો આશય ખૂબ જ સ્પષ્ટ છે. અન્યમતોમાં જે કલેશોનું સ્વરૂપ વર્ણવ્યું છે એના ધ્વંસ પછી કોઈ પણ વાસ્તવિક સુખનો સંબંધ જણાવ્યો નથી.

અર્થાત્ ત્યાં ક્લેશોની નિવૃત્તિથી દુઃખની નિવૃત્તિ વર્ણવી છે પરંતુ તે સુખથી વ્યાપ્ત નથી. જ્યારે જૈન દર્શનમાં દુઃખની સર્વથા નિવૃત્તિથી અનંત સુખની પ્રાપ્તિ મોક્ષમાં થાય છે, જે વાસ્તવિક રીતે પુરુષાર્થનો વિષય બને છે. દુઃખનિવૃત્તિથી સંબદ્ધ(વ્યાપ્ત) એવા સુખના ઉદ્દેશથી જ્ઞાનાવરણીયાદિ કર્મોનો ક્ષય કરવો જોઈએ. એ ક્ષય જ્ઞાન અને ક્રિયા સ્વરૂપ માર્ગે થાય છે-આ પ્રમાણે જે કહ્યું છે તે યુક્ત છે અર્થાદ્ નિર્દોષ છે. ।।૨૫-૩૦।।

* * *

જૈનદર્શનમાં આ રીતે કર્મસ્વરૂપ ક્લેશો છે, જેનો પ્રક્ષય જ્ઞાનક્રિયામાર્ગથી થાય છે. એ ઉપર જણાવ્યા મુજબ સ્પષ્ટ છે. પરંતુ કર્મ ભોગવ્યા વિના ક્ષીણ થતું ન હોવાથી તેનો ક્ષય ભોગથી થાય છે-આવી આશઙ્કાના નિવારણ માટે જણાવાય છે-

**क्लेशाः पापानि कर्माणि, बहुभेदानि नो मते ।**
**योगादेव क्षयस्तेषां, न भोगादनवस्थितेः ।।२५-३१।।**

"અમારા મતમાં પાપકર્મસ્વરૂપ ઘણા પ્રકારના ક્લેશો છે. યોગથી જ તેનો ક્ષય થાય છે. ભોગથી તેનો ક્ષય થતો નથી. કારણ કે તેથી અનવસ્થા આવે છે..."-આ પ્રમાણે એકત્રીસમા શ્લોકનો સામાન્યાર્થ છે. એના આશયને સ્પષ્ટ કરતાં ગ્રંથકારશ્રીએ ટીકામાં ફરમાવ્યું છે કે-અમારા મતમાં અશુભવિપાક(ફળ)વાળાં વિચિત્ર એવાં જ્ઞાનાવરણીયાદિ-

કર્મસ્વરૂપ પાપોને ક્લેશ કહેવાય છે. આથી કર્મક્ષય-સ્વરૂપ જ ક્લેશહાનિ છે-એ સ્પષ્ટ છે.

યદ્યપિ 'સેંકડો-કરોડો કલ્પો જાય તોય ભોગવ્યા વિના કોઈ પણ કર્મ ક્ષીણ થતું નથી. કરેલું શુભ કે અશુભ કર્મ અવશ્ય ભોગવવું જ પડે છે.'-આ વચનથી ભોગથી જ કર્મોનો ક્ષય થાય છે. તેથી કાળના પરિપાકે તે તે કર્મો ભોગવીને એની મેળે જ ક્ષય પામશે, જેથી કર્મોના ક્ષય સ્વરૂપ મોક્ષ માટે પુરુષાર્થ કરવાનું આવશ્યક ન હોવાથી અન્ય સાંખ્યાદિ મતોની જેમ જૈનમતમાં પણ અપુરુષાર્થત્વનો પ્રસઙ્ગ અનિવાર્ય જ છે. પરંતુ જૈનમતમાં યોગથી જ કર્મોનો ક્ષય મનાય છે. અનવસ્થાદોષના કારણે ઉપર જણાવ્યા મુજબ ભોગથી કર્મક્ષય મનાતો નથી. જ્ઞાન અને ક્રિયાના સમુદાય સ્વરૂપ યોગ છે. ભોગથી કર્મનો ક્ષય માનવામાં આવે તો અનવસ્થા નામનો દોષ પ્રાપ્ત થાય છે. કારણ કે કર્મના ક્ષય માટે થનારા ભોગથી બીજાં કર્મો બંધાય છે. એના ક્ષય માટે ફરી પાછી ભોગની પ્રવૃત્તિ કરવી પડે. એથી ફરી પાછાં કર્મો બંધાય... આ રીતે અનવસ્થા આવે છે.

''આસક્તિ(રાગ)રહિત ભોગથી કર્માંતરનો બંધ થતો નથી. પૂર્વસઞ્ચિત કર્મોનો ક્ષય પણ, યોગના કારણે ઉત્પન્ન અદૃષ્ટ(ધર્મ)ને આધીન એવા કાયવ્યૂહના સામર્થ્યથી ઉપપન્ન થશે.''- આ પ્રમાણે નહીં કહેવું જોઈએ. કારણ કે પ્રાયશ્ચિત્તથી પણ કર્મનાશ થતો હોવાથી ભોગથી(કર્મના

ફળના ભોગથી) જ કર્મક્ષય થાય છે એવું નથી. પરંતુ ભોગેતર(પ્રાયશ્ચિત્તાદિ)થી પણ કર્મનો નાશ થાય છે-એ સિદ્ધ થયેલું છે. તેથી યોગથી પણ કર્મનો નાશ સંભવી શકે છે, જેથી કાયવ્યૂહ વગેરેની કલ્પનામાં કોઈ પ્રમાણ નથી. બલ્કે 'હે અર્જુન ! જ્ઞાનસ્વરૂપ અગ્નિ સઘળાંય કર્મોને ભસ્મસાત્ કરે છે'-ઈત્યાદિ તમારા(સાંખ્યાદિના) આગમથી પણ, કર્મોનો નાશ જ્ઞાનયોગથી થાય છે-એ સિદ્ધ થાય છે.

'જ્ઞાનયોગના સામર્થ્યથી કાયવ્યૂહ દ્વારા જ કર્મોનો નાશ થાય છે.''-આ પ્રમાણે કહેવાનું યુક્ત નથી. કારણ કે મનુષ્ય વગેરેનું શરીર હોતે છતે ભૂંડ વગેરેના શરીરની ઉપપત્તિ થતી નથી. તેથી કાયવ્યૂહ (અનેકાનેક કાયાનો એક કાળમાં પરિગ્રહ) ઉપપન્ન નથી. 'તે તે શરીરમાં મનનો પ્રવેશ થવાથી કાયવ્યૂહ ઉપપન્ન થશે'-એ કહેવાનું પણ શક્ય નથી. કારણ કે મન એક હોવાથી બીજાં શરીરોમાં તેનો પ્રવેશ શક્ય નથી. યોગસામર્થ્યથી અનેક મનોની કલ્પના કરવામાં ગૌરવ છે... ઈત્યાદિ બરાબર સમજી લેવું જોઈએ.

આ વિષયમાં પાતઞ્જલોએ યોગસૂત્ર(૪-૪, ૪-૫)માં કહ્યું છે કે એક અગ્નિથી જેવી રીતે અનેક કણ (તણખા) નીકળે છે, તેમ કાયવ્યૂહદશામાં એક પ્રયોજક (નિયામક, પ્રવર્ત્તક) એવા ચિત્તથી અનેકાનેક ચિત્તોનો પરિણામ અસ્મિતાથી(અહંકારથી) થાય છે-એ કથન પાતઞ્જલોના પણ મોહને લઈને છે. કારણ કે આ રીતે અનંતકાળથી

સંચિત કરેલાં કર્મોના નાશ માટે અનેકાનેક શરીરથી કરાતા ઉપભોગને કારણ માનવાનું અયુકત છે. કારણ કે કોઈ પણ કર્મ દ્રવ્ય ક્ષેત્ર કાલાદિને પામીને વિપાકાનુકૂલ બનતું હોય છે. તે બધાં કર્મો એકી સાથે વિપાકાનુકૂલ બને એ શક્ય નથી. તેથી અનેક શરીરોથી ઉપભોગ દ્વારા કર્મોનો નાશ થાય છે-એમ માનવું : એ મોહમૂલક છે. આથી સમજી શકાશે કે જે કર્મોને કોઈ પણ પ્રકારનો ઉપક્રમ લાગતો નથી એવા નિરુપક્રમ-નિકાચિત કર્મોનો નાશ ભોગથી થાય છે. એવા નિરુપક્રમ કર્મોને છોડીને બીજાં કર્મોનો નાશ તો યોગથી થાય છે-આ પ્રમાણે માનવાથી કોઈ પણ દોષ રહેતો નથી... ઈત્યાદિ ઉપયોગપૂર્વક વિચારવું જોઈએ. પ્રસઙ્ગથી અહીં કેવલી- સમુદ્ઘાતના સ્વરૂપનું પણ અનુસંધાન કરવું જોઈએ. ॥૨૫-૩૧॥

* * *

તાત્ત્વિકકલેશહાનિનું ફળ જણાવવા પૂર્વક પ્રકરણાર્થનો ઉપસંહાર કરાય છે-

**ततो निरुपमं स्थानमनन्तमुपतिष्ठते ।**
**भवप्रपञ्चरहितं, परमानन्दमेदुरम् ॥२५-३२॥**

શ્લોકાર્થ સ્પષ્ટ છે. સર્વથા કર્મ-કલેશોની હાનિ થવાથી, ભવના પ્રપઞ્ચથી રહિત પરમાનંદથી વ્યાપ્ત એવા નિરુપમ-મોક્ષ નામના અનંત સ્થાનને પ્રાપ્ત કરે છે. શ્રી સિદ્ધિગતિનું વાસ્તવિક સ્વરૂપ અને એને પ્રાપ્ત કરવા માટેના

વાસ્તવિક ઉપાયો માત્ર શ્રી વીતરાગપરમાત્માના શાસનમાં જ વર્ણવ્યા છે, જેના માટે કોઈ ઉપમા નથી. જ્યાં આધિ વ્યાધિ કે ઉપાધિ; જન્મ જરા કે મૃત્યુ અને રાગ દ્વેષ કે મોહ વગેરે સ્વરૂપ ભવનો પ્રપઞ્ચ નથી તેમ જ પરમોચ્ચ કોટિનો અનંત આનંદ જ્યાં છે એવા સ્થાનની અર્થાદ્ અનંત સુખના ધામ સ્વરૂપ મોક્ષની પ્રાપ્તિ ક્લેશની સર્વથા હાનિથી થાય છે. અંતે એ પરમતારક ઉપાયના આસેવનથી સર્વથા કર્મ-ક્લેશરહિત બની નિરુપમ સ્થાનમાં અક્ષય સ્થિતિને કરવા આપણે સૌ પ્રયત્નશીલ બની રહીએ એ જ એક શુભાભિલાષા. ॥૨૫-૩૨॥

॥ इति श्रीद्वात्रिंशद्द्वात्रिंशिकायां क्लेशहानोपायद्वात्रिंशिका ॥

अनल्पानतिविस्तारमनल्पानतिमेधसाम् ।
व्याख्यातमुपकाराय चन्द्रगुप्तेन धीमता ॥